Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૧ • અંક : ૨૪ • તા. ૧૧ જુન ૨૦૧૮ થી ૧૭ જુન ૨૦૧૮ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCS/217/2018-20

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત્ત યુવા સંસ્થા

## શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ - મુંબઈ

K.D.O STUDENTS ASSOCIATION Estd. 1954

64 Shree KDO Students Association

# Adventurous Summer Camp - 2018

Camping on 26th & 27th May, 2018 at Moksh Mantra, Khapoli.



Begining of Camp by President



3 D Pool Activity



Participants



Sack Race Activity



3 Legged Football Activity



3 Legged Football Activity



Australian Walk Activity



Flying Fox Activity



Burma Bridge



Net Climbing



Pipe & Ball Activity



Treasure Hunt Activity



Camp Fire



Mind Game Activity



Water Activity



Rope Walking Activity



Tyre Bridge Activity



Fashion Show (Blue Team)



Fashion Show (Green Team)



Fashion Show (Orange Team)



Fashion Show (Red Team)



Fashion Show (White Team)



Fashion Show (Yellow Team)



Dance Competition



Warm Up



Blue Team



Orange Team



White Team



Yellow Team



Beat the Heat



Special Gift from Trainer



Vote of Thanks by President



Vote of Thanks by Secretary



Best Girl Participant



Best Boy Participant



Winners of the Camp (Green Team)



Runner Up of the Camp (Red Team)



Vidhyarthi Sangh Team with Participants




Vidhyarthi Sangh Team

Email us : shreekdovs@gmail.com | Follow Us on Social Media | / Shreekdovs

અહેવાલ અંદરના પાના ઉપર

આદ્યતંત્રીઓ
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

: તંત્રી :
રાયચંદ આર. નાગડા
: સહતંત્રી :
ઉદયન લાલજી લોડાયા

ટ્રસ્ટ રજી. નં : F - 69260
પ્રમુખ : CA હીરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર
અન્ય ટ્રસ્ટીઓ
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા
અન્વેષક
CA મણિકાંત વસનજી નાગડા

અંક નં. 24/2018

: કાર્યાલય :
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
C/o. Shri R. R. Nagda,
Advocate High Court
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001
E-mail : kdoprakash@gmail.com

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

: જાહેરાત સંપર્ક :
મુકેશ ભવાનજી લોડાયા
022-2508 4463/64/65

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com

**તંત્રી સમીપે**

## ''અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ'' !!

મુંબઈ મહાજનની વ્યવસ્થાપક સમિતિની ગત ૨૬ મેના મળેલ સભાએ અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓના ૨૮ એપ્રિલના પત્ર દ્વારા 'અનંતછાયા' (ઘાટકોપર)ની મિલકતની વેચાણ કિંમતની મળેલ રકમમાંથી 'અનંતસિદ્ધિ' (ભાંડુપ)ના પુનર્વિકાસ માટે ૧૫ કરોડ અને જ્ઞાતિજનોના લાભાર્થે આવાસ યોજના માટે ૨૦ કરોડનો ખર્ચ કરવા બાબતે મહાજનશ્રીની મંજુરી મેળવવા કરેલ વિનંતિનો અસ્વીકાર કર્યો હતો અને તે રીતે આ હેતુસર મહાજનની સામાન્ય સભા બોલાવવાની આગળની કાર્યવાહી ન કરવાનો નિર્ણય લીધો હતો જેના કારણમાં સભાએ ઉક્ત પત્રમાં ટ્રસ્ટીઓએ ઉપરોક્ત બંને હેતુઓના સંદર્ભ કોઈ પણ વિગતો કે યોજનાઓની રૂપરેખા આપી ન હતી તે મુદ્દો લીધો હતો. વ્યવસ્થા સમિતિનો આ નિર્ણય સંપૂર્ણતઃ યોગ્ય હતો અને તેથી ટ્રસ્ટીઓને કોઈ પણ અન્યાય થયો નથી તેમ કહીને તો તેમાં બેમત ન હોઈ શકે.

અત્રે એ સૂચક છે કે વ્યવસ્થાપક સમિતિની ઉક્ત સભામાં ટ્રસ્ટીઓ પૈકી ત્રણેક ટ્રસ્ટીઓ, જેઓ યોગાનુયોગે મહાજનશ્રીના પદાધિકારીઓ પણ છે તેઓ પણ ઉપસ્થિત હતા અને આ બાબતે તેમને સભામાં જ્યારે વેધક પ્રશ્નો પૂછાયા હતા કે 'અનંતસિદ્ધિ'ના પુનર્વિકાસ અંગે તેમની શી યોજના છે તેમજ 'આવાસ યોજના' માટે કઈ ચોક્કસ જમીન અંગે ટ્રસ્ટે કોઈ પ્રસ્તાવની વિચારણા કરી છે. ત્યારે તેના ઉત્તરમાં ટ્રસ્ટીઓએ કોઈ પણ પ્રકારનો ફોડ પાડ્યો ન હતો અને થોડી પણ માહિતી આપવાનો ઈન્કાર કર્યો હતો, ઊલ્ટું હજી એકાદ મહીનાનો સમય આપવા તેમણે સભાને વિનંતી કરી હતી.

આમ, ટ્રસ્ટીઓએ વ્યવસ્થાપક સમિતિ જેવી મહાજનશ્રીની મુખ્ય કાર્યકારિણી સમિતિના સભ્યોને, સભાની કાર્યસૂચિની કોઈ ચોક્કસ બાબતે, પ્રાથમિક માહિતી આપવાનું પણ ટાળ્યું હતું તે પરથી તો ટ્રસ્ટીઓએ, આ પત્ર લખવામાં કાં તો ખોટી ઉતાવળ કરીને સભ્યોનો તેમજ પોતાનો સમય વેડફ્યો હતો અથવા તો આ પત્ર લખવા પાછળ તેમનો કોઈ અન્ય જ આશય હતો કે ગણતરી હતી તેવું અનુમાન જ કરી શકાય.

બાકી, ટ્રસ્ટે મહાજનશ્રીની મંજુરી મેળવવાની બાબતોમાં સવિસ્તર માહિતી અને વિગતો મોકલવાની હોય છે તેવા સુસ્થાપિત શિરસ્તા કે શિષ્ટાચારથી ટ્રસ્ટીઓ અજાણ હોય તે શક્યતા નહીંવત છે. એટલે ટ્રસ્ટીઓ, ગયા વર્ષે એપ્રિલ મહીનામાં તેમણે, ટ્રસ્ટના ખર્ચે થનાર 'અનંતસિદ્ધિ'ના પુનર્વિકાસ માટે બાંધકામ સમિતિની નિમણુંક કરાઈ છે તેવી જાહેરાતથી શરૂ કરીને દર મહીને-દોઢ મહીને એક યા બીજી જાહેરાતો. સભાઓ કે જાહેર સ્વરૂપના પત્ર વ્યવહાર કરતા રહ્યા છે તેથી જ્ઞાતિજનોમાં પોતે કેટલા સંનિષ્ઠ છે તેવી છાપ ઉભારી રાખવાના પ્રયત્નોમાં આ ૨૮ એપ્રિલનો પત્ર પણ લખાયો હોય તેમ માની લઈએ તો તેમાં ખોટા પડવાની સંભાવના ઓછી છે.

બીજી બાજુ, ટ્રસ્ટીઓ આ પ્રકારે જાહેર નિવેદનો કે માહિતી આપ્યા પછી તેને વહેલા મોડા વિસારી દે છે તેવી કાર્યવાહીઓ પણ તેમણે ખાસ કરીને છેલ્લાં છ મહીનામાં અનેકવાર કરી છે તેનો ઉલ્લેખ પણ અત્રે થવો જરૂરી છે.

ગત ડિસેમ્બરમાં, જ્ઞાતિ અગ્રણીઓ અને બાંધકામ ક્ષેત્રે વ્યસ્ત આપણા જ્ઞાતિ વ્યવસાયિકો અને નિષ્ણાતો સાથે યોજાયેલ એક સભા પછી, ટ્રસ્ટીઓમાંથી એક મુખ્ય

ટ્રસ્ટી, જેઓ મુંબઈ મહાજનશ્રીના ઉચ્ચ પદાધિકારી પણ છે તેમણે જ્ઞાતિના એક વરિષ્ઠ નિષ્પક્ષ અગ્રણીને એવી ખાતરી આપી હતી કે ટ્રસ્ટ બોર્ડ તેમણે સૂચવેલ પંદરેક જ્ઞાતિ વ્યવસાયિકોની એક સલાહકાર સમિતિની નિમણુંક કરી તેમની સાથે વિચારવિમર્શ કરીને 'અનંતસિધ્ધિ'ના પુનર્વિકાસ યોજના હાથ ધરશે. પરંતુ તે પછી આવી કોઈ સમિતિ અસ્તિત્વમાં આવી જ નહીં તેટલું જ નહીં પણ તે મુખ્ય ટ્રસ્ટીએ વરિષ્ઠ નિષ્પક્ષ અગ્રણીને આવી સમિતિ નીમી શકાશે નહીં તેટલું જણાવવાનો વિવેક પણ દાખવ્યો નહીં.

ત્યાર પછી આ વર્ષે ફેબ્રુઆરીમાં ટ્રસ્ટીઓએ 'અનંતસિધ્ધિ' ભાડુત મંડળને સંબોધિત એક પત્રમાં, તેઓ 'અનંતસિધ્ધિ'નો પુનર્વિકાસ ''સર્વસંમતિથી અને પારદર્શક રીતે કરવા પ્રતિબધ્ધ છે અને તે માટેના સર્વ પ્રયાસો ચાલુ છે'' તેવી ખાતરી આપી હતી, પરંતુ તે પછી ટ્રસ્ટીઓ ઉક્ત પુનર્વિકાસ માટે ક્યો વિકલ્પ વિચારી રહ્યા છે કે અપનાવી રહ્યા છે તેની સમૂળગી માહિતી પોતાની પાસે ગોપિત રાખી છે એટલે 'સર્વસમંતિ'ની વાતનો પણ તેમણે છેદ ઉડાડી દીધો છે.

આ દરમ્યાન, ગત નવેમ્બરમાં ચેરીટી કમીશનરે ટ્રસ્ટીઓની એક અરજી ખારીજ કરી હતી જેમાં ટ્રસ્ટીઓએ 'અનંતસિધ્ધિ'નો પુનર્વિકાસ ટ્રસ્ટના ખર્ચે કરવાથી ૧૩૮ (એકસો અડત્રીસ) કરોડની લાગત સામે, ટ્રસ્ટને સાડા ચાર કરોડ જેટલી ચોખ્ખી આવક થાય તે પ્રકારની તદન ખોટી અને વાહિયાત રજુઆતો કરીને, તે સંદર્ભે મંજુરી મેળવવા પ્રયત્ન કર્યો હતો જે અરજી સ્વાભાવિકપણે ખારીજ થઈ હતી તેવી ટ્રસ્ટ અને જ્ઞાતિના વિશ્વાસનો ઘોર દ્રોહ કરતી કાર્યવાહી તેમણે કરી હતી અને જ્ઞાતિજનોથી તે ચૂકાદાને બે-અઢી મહીના સુધી છુપાવવાનો પણ પ્રયત્ન કર્યો હતો તે અવિશ્વસનિયતા અને બીનકાર્યક્ષમતામાં ટ્રસ્ટીઓ હજી પણ ઉમેરો કરી રહ્યા છે તેનો વ્યવસ્થાપક સમિતિની ઉપરોક્ત સભાની કાર્યવાહી પરથી નિર્વિવાદ નિર્દેશ મળે છે.

આ જાણે પૂરતું ન હોય તેમ આ એપ્રિલના પહેલા પખવાડીયામાં કેટલાક ટ્રસ્ટીઓએ અનંતસિધ્ધિ ભાડુત મંડળને સંબોધિત એક પત્ર મોકલ્યો હતો જેનો મુસદો ટ્રસ્ટબોર્ડની સભામાં મંજુર થયો ન હતો. આને કારણે, તે પછીની ટ્રસ્ટ બોર્ડની સભામાં અન્ય કેટલાક ટ્રસ્ટીઓએ તે પત્રમાંના આક્ષેપો, ભાષા વિગેરે બાબતે તેમજ ટ્રસ્ટબોર્ડની પૂર્વમંજુરી લીધા વિના જે ટ્રસ્ટીઓએ આ પત્ર બાબતે કાર્યવાહી કરી હતી તે અંગે અને અમુક ટ્રસ્ટીઓ દ્વારા 'અનંતસિધ્ધિ'ના પુનર્વિકાસ અને ટ્રસ્ટના અન્ય વહીવટી બાબતોમાં જોહુકમી અને આપખુદી આચરાઈ રહ્યા છે અને અન્ય ટ્રસ્ટીઓની ઉપેક્ષા કરાઈ રહી હોવાના આક્ષેપો કરીને સખત વાંધો-વિરોધ લીધા હતા જેના અંતર્ગત ટ્રસ્ટીઓએ કલાકો સુધી ઉગ્ર ટપાટપી અને ઉશ્કેરાટના ઘાંટાઓ પાડીને આક્ષેપો-પ્રતિ આક્ષેપોની બેરોક ઝડી વરસાવી હતી અને એક બીજા વચ્ચે સુરૂચિનો પણ ભંગ થાય તેવા છેલ્લી કક્ષાના શાબ્દિક પ્રહારો કર્યા હતા.

આ રીતે જ્ઞાતિના બસ્સો વર્ષથી ઉજ્જવળ અસ્મિતાના પ્રતિક અને પરમ આસ્થા સ્વરૂપ અનંતનાથજી દાદાની છત્રછાયાની ઘોર અવહેલના અને ઉપહાસ કરતા હોય તેમ ટ્રસ્ટીઓએ કલાકો સુધી આ પ્રકારનો અસભ્ય, અભદ્ર અને અસંસ્કારી વર્તણુકનો દોરઉછાળ કર્યો હતો તેથી તો તેમણે જ્ઞાતિનો અક્ષમ્ય વિશ્વાસઘાત કર્યો હતો તેમ કહીએ તો તેમાં કોઈ અતિશયોક્તિ થતી નથી.

ટ્રસ્ટીઓએ, ૩૫ કરોડના ખર્ચ માટેની મહાજનની મંજુરી મેળવવા લખેલ ઉક્ત ૨૮ એપ્રિલનો પત્ર, આ સભાના પંદરેક દિવસ પછી લખાયો છે તેથી તેમની ઉપરોક્ત અશોભનીય વર્તણુકને કારણે જ્ઞાતિમાં વ્યાપકપણે ફિટકાર વરસતાં, તેમણે જાણે અરસપરસ સમાધાન કરી લીધું છે અને હવે તેઓ એકજુટ છે તેવી છાપ ઉપસાવવા ટ્રસ્ટીઓએ આ પત્ર લખ્યો હોય તે પણ શક્ય છે.

એ જે હોય તે, ત્રણેક વર્ષ પહેલાં પોતાના વહીવટકાર્યના પ્રારંભે આ ટ્રસ્ટીઓએ (અને મુંબઈ મહાજને પણ) ''અણમોલ જ્ઞાતિ-અનંત ગૌરવ''નું જે સૂત્ર ઘોષિત કર્યું હતું તે આજે એક નિર્માલ્ય શબ્દઝૂમખું બનીને તેમના પર જ અટ્ટહાસ્યપૂર્વકનો કટાક્ષ કરી રહ્યું છે, તેટલું જ કહીએ તો તેમાં ઘણો બધો સાર આવી જાય છે.

– રા.

# શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ - એડવેન્ચર સમર કેમ્પ

શનિવાર તા. ૨૬-૫-૨૦૧૮ અને રવિવાર તા. ૨૭-૫-૨૦૧૮ના બે દિવસીય સમર કેમ્પનું આયોજન મોક્ષ મંત્ર કેમ્પ સાઇટ, ખપોલી ખાતે કરવામાં આવ્યું હતું. જેનો જ્ઞાતિના ૯૦ સહભાગીઓએ લાભ લીધો હતો.

ભાંડુપથી સવારે ૬.૦૦ કલાકે પ્રમુખ શ્રી હેમીલ જયેશ દંડ દ્વારા શ્રીફળ વધેરી કેમ્પની શુભ શરૂઆત કરવામાં આવી. સહભાગી થનારાઓએ ફ્લાંઇગ ફોકસ, સેક રેસ, ૩-લેગ ફુટબોલ, ૩-ડી પુલ ગેમ, લીડરશીપ ગેમ્સ, માઇન્ડ ગેમ્સ, ફેશન શો, ટ્રેઝર હન્ટ અને કેમ્પ ફાયર જેવી વિવિધ રમત-ગમત નો આનંદ માણ્યો. ફેશન શો બાદ ગરબા અને ડીજે નો આનંદ માણતા છોકરાઓએ ખુબ ધમાલ કરી. તદઉપરાંત રાત્રે ટેન્ટ રોકાણ અને રેઇન ડાન્સમાં પણ સહુએ મજા માણી. બસની યાત્રા પણ ખુબ આનંદમય અને મજા કરી પૂર્ણ થઇ. ૯૦ સહભાગી અને વિદ્યાર્થી સંઘના સભ્યો ૬ કલર (સફેદ, કેસરી, લાલ, લીલો, પીળો અને નીલો) ગ્રુપમાં ડીવાઇડ થઈ રમત-ગમત ક્ષેત્રે ભાગ લીધો તેમાં ઇનામ રૂપી બેસ્ટ પાર્ટીસીપેન્ડેટ મેલનો ખીતાબ અને બેસ્ટ પાર્ટીસીપેન્ડેટ ફીમેલ નો ખીતાબ જીત્યો હતો તેમજ ગ્રુપ વતી બેસ્ટ વિનર તરીકે લીલો કલર અને બેસ્ટ રનર અપ તરીકે લાલ કલર એ ખીતાબ મેળવ્યો હતો.

આ કેમ્પને સફળ બનાવવા પ્રમુખ શ્રી હેમીલ જયેશ દંડ અને માનંદ-મંત્રી કું. એકતા ઉદયન લોડાયાના નેતૃત્વમાં કોષાધ્યક્ષ રૂષભ ગુલાબ પોલડિયા, સહ માનદ-મંત્રી શુભમ મહેન્દ્ર લાપસિયા અને કું. લબ્ધી નીરેન લોડાયા, સહ કોષાધ્યક્ષ પ્રીન્સ વિનીત ધરમશી અને કું. સૃષ્ટિ કીરીટ લોડાયા, કારોબારી સભ્યો મીત સંજય મૈશેરી અને અશ્વીન શાંતિલાલ લોડાયા તથા સંપર્ક સભ્યો ઉર્વેશ છેડા, કું. ધનિષ્ટા ધરમશી, કું. હર્ષિતા પોલડીયા, હર્ષિત દંડ, કું. ઇશીતા છેડા, કું. વિધી છેડા, ભવ્ય દંડ, કું. હેતલ લોડાયા, ગૌતમ એસ. લોડાયા, પુર્વેશ લોડાયા, વંદન ધરમશી, સ્મિત લોડાયા, ઉજ્વલ લોડાયા, ધર્મિલ મૈશેરી અને ગૌતમ યુ. લોડાયા એ ભારી જહેમત ઉઠાવી.



**સ્વ. ચંદ્રસેન હિરાચંદ મોમાયા**

જન્મ : તા. ૧૪-૬-૧૯૫૫

અરિહંત શરણ : તા. ૧૭-૬-૨૦૧૭

## પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે
## શ્રદ્ધાંજલિ

જ્ઞાતિ ઈતિહાસના ઊંડા અભ્યાસી,

ચાર દાયકાથી ગુજરાતી પત્રકારિત્વમાં સમર્પિતપણે વ્યસ્ત,

પ્રકાશ સમીક્ષાના સહતંત્રી,

સંનિષ્ઠ સામાજીક કાર્યકર,

સરળ સ્વભાવી નેક દિલ ઇન્સાનની

ખોટ સદા યે સાલશે.

**પ્રકાશ સમીક્ષા સમિતી**

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત્ત યુવા સંસ્થા

# શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ - મુંબઇ

K.D.O STUDENTS ASSOCIATION Estd. 1954

64 Shree KDO Students Association

# નોટબુક વિતરણ યોજના

**સોમવાર, તા. ૧૧.૦૬.૨૦૧૮ થી શનિવાર, તા. ૩૦.૦૬.૨૦૧૮**




વિદ્યાર્થીસંઘ દર વર્ષની જેમ આ વર્ષે પણ જ્ઞાતિના દાતાશ્રીઓના સહયોગે રાહત દરે નોટબુક વિતરણ યોજનાનું આયોજન કરેલ છે. આ વિતરણનો લાભ લેવા સૌને હાર્દિક આમંત્રણ છે. નોટબુકની કિંમત અને મર્યાદા નીચે મુજબ રહેશે...

**૨૦૦ પાનાની જમ્બો લોંગબુક**
**રૂા. ૨૦૦/– પ્રતિ ડઝન ના દરે**

**₹ 200/-**
**પ્રતિ ડઝન**

વિદ્યાર્થી દીઠ ૨ ડઝનની મર્યાદા માં રહેશે. જ્ઞાતિનો કોઇપણ વિદ્યાર્થી આ યોજનાનો લાભ લઇ શકશે. આ યોજનામાં જ્ઞાતિનો કોઇ પણ વિદ્યાર્થી, વિદ્યાર્થીસંઘનો સભ્ય હોવો જરૂરી નથી. વિદ્યાર્થીએ **ઓરીજીનલ માર્કસીટ સાથે તેની ઝેરોક્ષ નકલ સાથે લાવવી જરૂરી છે.** જેમના રીઝલ્ટ ન આવેલ હોય તેઓ પોતાના આ વર્ષની હૉલ ટીકીટ અને તેની ઝેરોક્ષ સાથે લાવવી આવશ્યક છે.

આ યોજનામાં નોટબુક વિતરણ સમય મર્યાદા સોમવાર, તા. ૧૧.૦૬.૨૦૧૮ થી શનિવાર, તા. ૩૦.૦૬.૨૦૧૮ સાંજે ૭.૦૦ થી ૯.૦૦ દરમ્યાન રહેશે.

## વહેલા તે પહેલા ધોરણે નોટબુકો પ્રાપ્ત કરી લેવા વિનંતી. આ માટે પ્રાપ્તી સ્થળના કેન્દ્રો

| | |
|---|---|
| મસ્જીદ બંદર | **પ્રિયાંક ગજેશ ડાઘા,** અનંત નિવાસ, બાલ મંદિર, ૩૬૨/૭૦, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબઝાર, મો. 9820693055 |
| વડાલા | **સી-કલીન ઓપ્ટીક્સ,** પ્લોટ નં. ૨૫૦, આત્મારામ ભુવન, વડાલા સ્ટેશન રોડ, વડાલા (વેસ્ટ) – ૪૦૦ ૦૩૧. ફોન : 24115318 |
| ઘાટકોપર | **લીનાબેન હિતેન લોડાયા,** ૭૦૩, અનંત છાયા, ૭ મો માળે, આર.બી. મેહતા માર્ગ, ઘાટકોપર (પૂર્વ), મો. 9769411010 |
| કાંજુરમાર્ગ - પવઈ | **ઉર્વેશ ભરત છેડા,** સી ૫૦૪, અનંતનાથજી કોમ્પ્લેક્સ, નેહરૂ નગર. મો. 9022023778 |
| ભાંડુપ | **વૃષભ/હર્ષિતા ગુલાબ પોલડીયા,** અનંત સિધ્ધિ, એલ.બી.એસ. રોડ, મો. 9870147741 / 9769207563 |
| મુલુંડ (પૂર્વ) | **ભક્તિ જયેશ દંડ,** ૬૦૩, ચેરિઓટ કો.ઓ.સોસાયટી, નવઘર રોડ, સાઇ કોમ્પ્લેક્સની બાજુમાં. મો. 9769396090 |
| મુલુન્ડ (પ.) | **પલ્લવીબેન કિર્તીકુમાર લોડાયા,** ૨૪/બી, જીવરામ ભવન, ૨ જે માળે, આર.આર.ટી. રોડ, મો. 7400192939 |
| | **નેહલ ખુશાલ વિકમશી,** એ–૬, ગીરીરાજ બ્રીજવાસી ભુવન, વાલજી લધા રોડ, હીરા મોંઘી હોસ્પીટલ સામે, મો. 9594888731 |
| | **એકતા ઉદયન લોડાયા,** ડી-૨૨, શ્રી કૃષ્ણધામ બીલ્ડીંગ, વીણા નગર, એલ.બી.એસ. માર્ગ, મો. 9769502277 |
| | **એકતા ભરત લોડાયા,** રાજેશ્વરી, સી.-૧૦૧, પી.કે. એક્સ્ટ્રેશન રોડ, મો. 9769981860 / 9819091478 |
| થાણા | **લબ્ધી/ઉર્વી નીરેન લોડાયા,** ૪૦૨, અનમોલ એન્કચર, મસ્જિદ પાસે, ધોબીઅલી, ટેંબી નાકા, થાણા (વેસ્ટ). મો. 8291929343 / 42 |
| વાશી | **ભવ્ય કિરણ દંડ,** એ-૫૦૨, ભુમિરાજ હેરીટેજ, પ્લોટ નં. ૧૮૨, સેક્ટર ૧૮, સાનપાડા, નવી મુંબઈ - ૪૦૦ ૭૦૫. મો. 8879438964 |
| ડોંબિવલી (પૂર્વ) | **મૈત્રી ખીરેશ ધ્રોળ,** એ–૪, નવ ચેતન સોસાયટી, તુકારામ નગર, આયરે રોડ. મો. 9664157745 |
| ડોંબિવલી (પશ્ચિમ) | **શુભમ મહેન્દ્ર લાપસીયા,** એ–૩૦૮, જયેશ કૃપા સોસાયટી, કર્વે રોડ, ભાગ શાળા મેદાનની પાસે. મો. 8898451456 |
| કોપર | **ડિમ્પલ કુલીન લોડાયા,** ૦૦૩, ઇશ્વર કૃપા, કોપર ક્રોસ રોડ, શાસ્ત્રી નગર, વાશી બસ સ્ટોપની બાજુમાં. મો. 9920223617 |

## મુંબઇ બહાર માટે નોટબુક સંપર્ક કેન્દ્રો

| | | | | | |
|---|---|---|---|---|---|
| ધુલીયા | ડેવીડ ડાઘા – 9423493611 | મલકાપુર | ઉત્તમચંદ દંડ – 9881903038 | જલગાંવ | કલ્પેશ છેડા – 9822006678 |
| વાપી | પરાગ મેપાણી – 9377021152 | અમદાવાદ | નલીન મોમાયા – 9376114300 | પાંચોરા | કમલેશ પોલડીયા – 9595957964 |
| હૈદ્રાબાદ | લહેરચંદ લોડાયા – 9246531066 | કોઈમ્બતુર | અશોક ડાઘા – 9345039176 | | |

શ્રી હેમિલ જયેશ દંડ (પ્રમુખ) શ્રી ઉર્મિન જયેશ લોડાયા (ઉપપ્રમુખ) કુ. એકતા ઉદયન લોડાયા (માનદ્મંત્રી)

## નાતના શિક્ષણ યજ્ઞના અગ્નિહોત્રી વિજયના પંથે

વ્હાઇટ, હાઇટ અને ટાઇટ રહી જીવતરના આરે શતાયુ એ પહોંચી, નાતની શૈક્ષણીક ક્ષેત્રે, પરિણામ લક્ષી પુરૂષાર્થે આર્થીક સ્થિતીને નાતની શૈક્ષણીક સંસ્થાઓને ઉંબરે થી અંબર સુધીનું આકાશી ઉડાન કરાવનાર શ્રી શીવજી કુંવરજી વિકમશી 'શિરોમણી' શેઠની જેમ ચીરંજીવ રહેશે ! વી.જી.વી.એલ., વિદ્યાર્થી સંઘ સોનગઢ જેવી માતબર અનેક સંસ્થાઓને પાપાના પથ્થર રહી એ સંસ્થાઓનો નાત નજરાણું બનાવી. શિક્ષણ યજ્ઞના ખુદ 'અગ્નિહોત્રી' બની, વરસોથી અટલ અડગ અને અડીખમ જવાંમર્દ બની અનેક મુશીબતોને પગ લુછણીયું બનાવી ઘરઘરમાં જ્ઞાનના દિવડા નહીં મશાલો પેટાવતાં, ખુદ મા શારદાએ એમના શીરે અંત પર્યંત શુભેચ્છા અને તથાસ્તુનો સોનેરી કળશ સહસ્ત્ર ધારાએ વહાવી પંચમ સ્વરે વીણા વાદન કર્યું છે. એક વખત વરસો અગાઉ પાંચ દશ હજારના દાન પ્રાપ્ત કરવા નાકે દમ આવતો. આજે લાખો કરોડોની સહાયતા સત્વરે સહજમાં સામેથી આવે છે ! આવા વિરાટ કાર્યો તેઓશ્રીની વિદાયનો વિસામો છે, ઇતિહાસની હારમાળા છે.

સર્વોદય મંડળના ઉદ્ગાઘટને યુવા શીવજીભાઇએ લાગણી અને વ્યથીત હૃદયે ૧ કલાક ૨૫ મીનીટના પ્રવચને નાતને જાગૃત કરતાં કહ્યું હતું. નાત જે ઘર ઘરમેં ગ્રેજ્યુએટ ખપેં. ઘર-ઘરમેં ભેણું ભણતર વારીયું ખપેં. નેકાં, મંગઇ મજૂરી પણ ન મિલંધી. વાંઢેજી વસ્તી વધી વેંધી કેટલું કડવું અને નકકર સત્ય વાસ્તવમાં સામે ઉભું છે. તેઓશ્રીની આ વેધક ટકોરે મેં મારા સંતાનોને ગ્રેજ્યુએટ સુધી ભણાયા. શક્યતાના આકાશને તાગવાની ત્રેવડવારા શીવજીભાઇએ નાતના શૈક્ષણિક સપ્તરંગી સોણલા સાકાર કરવા એક યોધ્ધા થઇને ઝઝુમ્યા, લડ્યા જીત્યા અને પોતાના જેવા શિક્ષણ સૈનીકોની ફોજ ભેટમાં આપીને વિદાય નથી પામ્યા પણ એક ઝનૂનને જીવંત રાખતા ગયા છે.

એવા શિક્ષણયાત્રીને ક્યા અલંકારે અલંકૃત કરૂં ? એ ખુદ અલંકૃત સાથે કોહીનુર હીરો હતા. કેરીયર 'લક્ષી પથદર્શક, નિર્ણયલક્ષી નિર્ણાયક, શિક્ષણલક્ષી અપેક્ષિત માગને પુરી કરનાર, ૯૦ વ.ની વયે શૈક્ષણીક કાર્યક્રમમાં હાજર રહી પ્રેરણા આપી માહોલને કચ્છી ભાષામાં સંબોધી મદહોશ કરતાં જ્ઞાતિજનોએ તેઓશ્રીના શબ્દોને કાનોમાં ન પૂરતાં, આકાર આપી હૃદય સિંહાસને આરૂઢ કર્યા છે, સાકાર કર્યા છે. શિક્ષણ શિલ્પી શીવજીભાઇએ સંપૂર્ણ પરિવારને શિક્ષિત કરી ભારતભરના ચાર્ટરોમાં પ્રથમ ચાંદ થઇ ચમકી, ચમકાવ્યા છે !

એ એવા પ્રસંગે બોલતા ત્યારે.. મોટાઇનો ચાપ ક્યારે પણ ના બતાવી શિક્ષણની દાઝ છતી કરી, એ સરસ્વતી પુત્ર કચ્છી મુડ્સ માડૂંની આગવી છબી છતી કરતા ત્યારે મા શારદાનું મંદિર રચાતું. જ્ઞાનને પચાવી અન્યો પાસે પણ પચાવતા. પોતે હાસનો ઓડકાર ના ખાદ્યો ના સાથીદારો પાસે ખવડાવ્યો, એ એમની પ્રતિભા અને પ્રભાવ. એમના પ્રવચનો વિદ્યાર્થીઓના કાનોમાં ગૂંજે- **નાવ પુરાની, સાગર તુફાની હિંમત ના હારજે, અથડાય ખડકો મહીં તોય નાવ હંકારજે, સોંપજે સુકાન મા શારદાને, નાવ એ સંભાળશે, એ તરીને તારશે, ઠારશે.. નું હલેસાં તો હલાવ.**

હે મા શારદા, અમારા પરમ શ્રદ્ધેય શીવજીભાઈના આત્માને તારા ચરણે રાખજે, તારા સંખ્યાબંધ કાર્યો સહજમાં ઉકેલાઇ જશે. મા સરસ્વતીના વીણા વાદને શ્રધ્ધાંજલિ શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ, ભાંડુપ વતી લહેરચંદ વેલજી મૈશેરી રડતા હૃદયે. **– લહેરચંદ વેલજી મૈશેરી,** ભાંડુપ


| પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST | | | |
|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 10,000/- | - |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

# શ્રી કોઠારા ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન ટ્રસ્ટ કોઠારા (કચ્છ)

તા. અબડાસા, કોઠારા - કચ્છ, પીન કોડ - ૩૭૦ ૬૪૫. ફોન : ૦૨૮૩૧-૨૮૨૨૩૫
મુંબઈ કાર્યાલય : C/o. કે.એન. અજાણી, ૧૩૭ અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૩.

## શ્રી કોઠારા તીર્થે ચાતુર્માસ પ્રવેશ અને શ્રી પર્યુષણ મહાપર્વે પધારવા

## ★★★★★★★★ ભાવભર્યું આમંત્રણ ★★★★★★★★

તપચક્રવતી, શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન પ.પૂ.આ.ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ની આજ્ઞા, આશીષ, આદિ સૂરિત્રય ભગવંતોના આશીષ કોઠારા સંઘના પૂણ્યોદય, પ.પૂ. યોગનિષ્ઠા પરમ વિદુષી સાધ્વી શ્રી ગુણોદયશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ. પૂ. સાધ્વી શ્રી ભુવનશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ. પૂ. સાધ્વીશ્રી વીરગુણાશ્રીજી મ. સા.ના સુશિષ્યા પ. પૂ. સાધ્વીશ્રી નમ્રગુણાશ્રીજી મ.સા.આદિ ઠાણા - ૧** નું ચાતુર્માસ કોઠારા તીર્થને પ્રાપ્ત થયેલ છે. પૂજ્યશ્રીઓનું ચાતુર્માસ પ્રવેશ **અષાઢ સુદ ૧૧ને રવિવાર, તા. ૨૨-૦૭-૨૦૧૮** ના શુભ દિવસે થશે. તો આ પાવન પ્રસંગે સર્વે કોઠારાવાસીઓ તથા જ્ઞાતિજનોને કોઠારા તીર્થે પધારવા ભાવભર્યું આમંત્રણ. ગુરૂવાર, તા. ૦૬-૦૯-૨૦૧૮ ના પર્યુષણ મહા પર્વ શરૂ થાય છે તો ચાતુર્માસ તથા પર્યુષણ મહાપર્વ પધારવા હાર્દિક આમંત્રણ. ચાર્તુમાસના ચાર મહીના આરાધના કરવા માટે શ્રી કોઠારા મહાજન સહર્ષ આમંત્રણ આપે છે. સ્થાનિકે બધી સગવડો ઉપલબ્ધ છે. ઈચ્છુક આરાધકોએ કોઠારા તીર્થની મુંબઈ ઓફીસ અથવા સ્થાનિકે જાણ કરવા વિનંતી.

**શૈક્ષણિક સહાય-સ્કુલ કોલેજ ફી માટે**

**શ્રી કોઠારા ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન ટ્રસ્ટ** દ્વારા નિવેદન કરવામાં આવે છે કે ચાલુ વર્ષે ધો. ૧ થી ૧૦ તથા કોલેજમાં ઉચ્ચ અભ્યાસ કરતા સર્વે કોઠારાના જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને સ્કુલ/કોલેજ ફી માટે અરજીપત્રક ટ્રસ્ટની મુંબઈ ઓફીસે તથા કચ્છ કોઠારા ઓફીસે ઉપલબ્ધ છે. અરજીપત્રક ફોર્મ મેળવી, સંપૂર્ણ વિગત ભરી ટ્રસ્ટની મુંબઈ ઓફીસે મોકલી આપવા વિનંતી.

**શૈક્ષણિક સહાય ફંડમાં જેમણે ફાળો નોંધાવેલ છે તેઓએ વહેલી તકે રકમ મોકલી આપવા નમ્ર વિનંતી.**

**શૈક્ષણિક સહાય ફંડમાં સહભાગી થવા ગામવાસી ભાઈ-બહેનોને નમ્ર અપીલ કરવામાં આવે છે.**

UPASANA - 9820167767

## બાંડીયા ગામમાં બીરાજમાન શ્રી આશાપુરા માં તથા ખેતરપાળ દાદાજી ને નમતા સર્વે ભાવિકો

જત જણાવવાનું કે કારતક સુદ પુનમ **શુક્રવારને તા. ૨૩-૧૧-૨૦૧૮**ના રોજ કચ્છ બાંડીયા મુકામે **માતાજી તથા ખેતરપાળ દાદાજી ની ગંધી બદલવવાની** છે. અને સાથે આ વરસની **૧૩મી સમુહ પહેડી** પણ ત્યાંજ કરવાનું નક્કી કરેલ છે. તો સર્વે ભાવિકો તથા નિયાણી બહેનોને કચ્છ બાંડીયા સહકુટુંબ **તા. ૨૨-૧૧-૨૦૧૮** સાંજ સુધી પધારવા વિનંતીભર્યું આમંત્રણ છે. જેને પણ આવવાનું હોય તેઓએ કમીટીના સભ્યોને જાણ કરવી જેથી વ્યવસ્થા કરવાની ખબર પડે તથા મુંબઈ થી ટ્રેન દ્વારા **તા. ૨૧-૧૧-૨૦૧૮** ના રોજ બધા સાથે જવું હોય તો ટ્રેનની ટીકીટ કઢાવવા માટે **તા. ૧૫-૭-૨૦૧૮** સુધી આપના નામો લખાવીને ટીકીટના પૈસા પહોચાડવા વિનંતી. જેથી ભુજથી માતાજીમઢ દર્શન કરી બાંડીયા જવાની વ્યવસ્થા કરી શકાય. મુંબઈ અને બહારગામ રહેવાવાળા ભાવિકોને ખાસ વિનંતી - આમંત્રણ છે.

**-: સંપર્ક માટે :-**

| | | |
|---|---|---|
| ૧) **શ્રી અશ્વીનભાઈ ધનજી મૈશેરી** | ભાંડુપ | - **87679 96655** |
| ૨) **શ્રી વિજયભાઈ શાંતીલાલ મૈશેરી** | મલાડ | - **80974 79990** |
| ૩) **શ્રી અમીષ દેવશી મૈશેરી** | ડોંબીવલી | - **90295 29483** |
| ૪) **શ્રીમતી નયનાબેન નરેશ મૈશેરી** | ભાંડુપ | - **81086 14452** |
| ૫) **શ્રીમતી મમતા અમીષ મૈશેરી** (ભોઈમાં) | | - **98707 63677** |



## મેરે સવાલોં કે જવાબ....



**પ્રશ્ન ૧ : હું કે.ડી.ઓ. જ્ઞાતિનો ધો. ૧૨નો વિદ્યાર્થી છું. ગુજરાતમાં ભણું છું. મને આગળનો અભ્યાસ મુંબઈમાં કરવો છે. મને મુંબઇમાં રહેવા તથા જૈન જમવાનું ક્યાં મળી રહેશે ?**

**ઉત્તર :** તમે વી.એલ. વિદ્યાર્થીગૃહ- ઘાટકોપરમાં રહી શકો છો. હોસ્ટેલની નવી ઇમારત ૨૦૧૭માં બંધાયેલી છે. અને અહિં જૈન ભોજન મળી રહેશે. અહિં કે.ડી.ઓ. વિદ્યાર્થીઓને ખૂબજ મામુલી દરે સુવિધા ઉપલબ્ધ છે. કુલ્લ ૧૪૬ વિદ્યાર્થીઓને વિદ્યાર્થીગૃહમાં પ્રવેશ મળી શકે છે.

પ્રશ્ન ૨ : રહેવા તથા ભોજન માટે કેટલો ચાર્જ ચુકવવો પડશે?

ઉત્તર : ધો. ૧૨ સુધીના કે.ડી.ઓ. વિદ્યાર્થીઓ માટે કોઈજ ચાર્જ નથી લેવામાં આવતો. ધો. ૧૩ થી કે.ડી.ઓ. વિદ્યાર્થીઓ માટે પ્રતિમાસ રૂા. ૨૫૦૦/- તથા અન્ય વિદ્યાર્થીઓ માટે પ્રતિમાસ રૂા. ૧૦,૦૦૦/-.

પ્રશ્ન ૩ : વિદ્યાર્થીગૃહમાં અન્ય શું સુવિધા મળશે ?

ઉત્તર : નવી બંધાયેલી વિદ્યાર્થીગૃહની ઇમારતમાં સ્ટડીરૂમ, ટયુશન કલાસરૂમ, કોમ્પ્યુટર રૂમ, જમ્નેશીયમ જેવી સુવિધાઓ તથા સ્વચ્છ ભોજનખંડ પણ છે. ખાસ વિષયો માટે વધારાના ક્લાસીસ પણ ચલાવવામાં આવે છે. **www.kdoedu.com** પરથી વધુ માહિતી તથા આવેદન પત્ર મેળવી શકશો.





પ્રશ્ન ૪ : મને કોલેજની ફી, હોસ્ટેલ ફી ભરવા માટે આર્થિક મદદની જરૂર છે. આપણી જ્ઞાતિની કઇ સંસ્થા મને મદદરૂપ થઈ શકશે ?

ઉત્તર : તમને શ્રી કે.ડી.ઓ. જૈન શિક્ષણ પ્રચારક સમિતિ ટ્રસ્ટ પાસેથી વાર્ષિક રૂા. ૫૦,૦૦૦/- (પચાસ હજાર) સુધીની વ્યાજમુક્ત લોન મળી શકે છે. આ લોનની સુવિધા ધો. ૧૧ થી પોસ્ટગ્રેજ્યુએશનના સરકાર માન્ય-યુનવર્સીટી કોર્સ માટે ભારતના કોઇ-પણ ખૂણે વસતા કે.ડી.ઓ. વિદ્યાર્થીને મળી શકે છે.

પ્રશ્ન ૫ : જો ખર્ચ રૂા. ૫૦,૦૦૦/- થી વધુ હોય તો હું વધુ લોન મેળવી શકું ?

ઉત્તર : હા.... વાર્ષિક રૂા. ૧ લાખ સુધીની લોન જ્ઞાતિની અન્ય સંસ્થાઓ, શ્રી અનંતનાથજી જૈન દેરાસર ટ્રસ્ટ, શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ટ્રસ્ટ તથા વીરજી લધાભાઈ ટ્રસ્ટ પાસેથી મેળવી આપવા એસ.પી.એસ. ટ્રસ્ટ તમને મદદ કરી શકે છે.

પ્રશ્ન ૬ : વર્તમાન સમયમાં કોચિંગ ક્લાસીસની ફી ખૂબજ વધારે હોય છે તો તે માટે મને લોન મળી શકે ?

ઉત્તર : હા.... એસ.પી.એસ. ટ્રસ્ટ તો ન આપી શકે પણ અન્ય સંસ્થાઓ પાસેથી અપાવી શકાશે.

પ્રશ્ન ૭ : મારે લોનની પરત ચુકવણી કઈ રીતે કરવાની રહેશે?

ઉત્તર : તમે જ્યારે અભ્યાસ કરી રહ્યા હો ત્યારે તમારા વાલીઓએ શક્ય હોય તો થોડીક ચુકવણી કરવાની... અભ્યાસ પૂર્ણ થયા પછી તમારે નાના હપ્તા દ્વારા બાકીની ચુકવણી કરવાની રહેશે.

પ્રશ્ન ૮ : મારો પુત્ર શાળામાં અભ્યાસ કરે છે. પરંતુ હું શાળાની ફી ચુકવી શકું નથી તથા બુક્સ ખરીદી શકું તેમ નથી તો મને કઇ સંસ્થા દ્વારા મદદ મળી શકે ?

ઉત્તર : શ્રી કે.ડી.ઓ. જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ તરફથી કે.જી. થી ૧૦મા ધોરણ સુધી અભ્યાસ કરતા કે.ડી.ઓ. વિદ્યાર્થીને વાર્ષિક રૂા. ૧૫,૦૦૦/- (પંદર હજાર) સુધીની સહાય આ માટે આપવામાં આવે છે. જે પરત કરવાની જરૂર નથી. ભારતભરમાંથી કોઇપણ કે.ડી.ઓ. વિદ્યાર્થી આ લાભ મેળવી શકે છે.

પ્રશ્ન ૯ : હું મહારાષ્ટ્રના નાનકડાં શહેરમાં રહું છું. મારી દિકરીને મુંબઈમાં રહીને શિક્ષણ મેળવવું છે. તે ક્યાં રહી શકે અને શું ફી ભરવી પડે ?

ઉત્તર : કે.ડી.ઓ. જ્ઞાતિની કોલેજ સુધી અભ્યાસ કરતી કોઈપણ દિકરીને મુંબઈમાં રહીને અભ્યાસ કરવા માટે શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ કે.ડી.ઓ. કન્યા છાત્રાલય, ગરોડીયા નગર - ઘાટકોપર (ઈસ્ટમાં) સુવિધા ઉપલબ્ધ છે. જે માટે કોઈપણ ચાર્જ લેવામાં આવતો નથી. અહિં દિકરીઓને રહેવા તથા ભોજનની ઉત્તમ સુવિધા આપવામાં આવે છે. શ્રીમતી હિના કલ્પરાજ ધરમશીએ છાત્રાલયને આધુનિક બનાવવા યોગદાન આપ્યું છે. શ્રી મણિકાંત હિરજી ધુલ્લા ભોજનની સુવિધા માટે માર્ગદર્શન આપે છે.

ઉપરોક્ત બધી જ ચારેય સંસ્થાઓના ફોર્મ **શ્રી વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહ, કામાલેન, ઘાટકોપર (વે), મુંબઈ - ૪૦૦ ૦૬૮** ખાતે ઉપલબ્ધ છે તથા **www.kdoedu.com** વેબસાઈટ ઉપરથી પણ ડાઉનલોડ કરી શકાશે.

- **CA હિરાચંદ દામજી દંડ** - મંજલ રેલડીયા
hirachanddand@gmail.com

## હોમિયોપેથિક મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને શ્રી અનંત સમર્પણ - ઘાટકોપરના સથવારે નીચે મુજબ હોમિયોપેથીક મેડીકલ કેમ્પ અનંત છાયા, રૂમ નં. ૧૦૪, આર. બી. મહેતા માર્ગ, (૬૦ ફીટ રોડ), ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭ ખાતે યોજાયેલ છે.

હાડકા તપાસણી માટેનો કેમ્પ શનિવાર, તા. ૨૩-૦૬-૨૦૧૮ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૫૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

કિડની, લીવર, સ્કિન, હેર, થાઈરોડ તથા અન્ય રોગની તપાસણી માટે શનિવાર તા. ૨૩-૦૬-૨૦૧૮ના બપોરના ૨ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી તથા રવિવાર તા. ૨૪-૦૬-૨૦૧૮ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૧૦૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

ઈચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક શ્રીમતી શ્વેતા મિતેશ શાહ પાસે મોબાઈલ નંબર : 9619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

## મોતા કુળજી અંબાઈમાજી ૨૨મી પેડી, ટાણે લેખેલી હી રચના...

**જેંમે પેડી પ્રસાદ જો જમણવાર શ્રી પ્રફુલભાઈ ચીમનલાલ મોતા તરફથી રખેમેં આયો હો.**

સિંહ તે સવારી, સિંહ તે સવારી,
ઈજ પાંજી માં ઈજ અંબાઈ માં,
મોતા કુળજી ગૌરવવંતી મિઠ્ઠી મિઠ્ઠી માં... ઈજ
પેલા નયેં સ્થાનકમેં માકે વેરાંયાં, ભુઆ વેલજી ભા...ઈ
ને નવરાત્રીમેં ગરબા ઘુમ્યા, હુઈ ૧૯૭૧જીસાલ...ઈ
શોભે હેવરજા ભુઆ હીરાભા, જે વેલજીભાજા પુત્તર...ઈ
ડીંયેં પાંકે માર્ગદર્શનને ચડાયડીયેં વાટ...ઈ
૨૨મીં પેડી ભાવથી ઉજવાજે, ડોમ્બીવલી ગામ...ઈ
જેંમેં ભાવિકેકે પ્રફુલભાઈ, પ્રેમથી જમાડીયેં પ્રસાદ...ઈ
માડી આશીષ ડીજા ધિલસેં, ને કજા ભુલચુક માફ...ઈ
મોતેજો જમાઈ 'રશ્મિન' ચેતો, કરીજા ભલો મિણીજોમાં...ઈ

**રશ્મિન ખોના/મુંબઈ**

છપાવનાર : **રમીલાબેન ચીમનલાલ મોતા** (તેરા)
હસ્તે : **પ્રફુલ ચીમનલાલ મોતા** (તેરા)

## શ્રી ક.દ.ઓ. મોતા પરિવાર

ક.દ.ઓ. મોતા પરિવાર તરફથી આ વર્ષે પણ ધોરણ ૧૦ સુધી પરિવારના વિદ્યાર્થીઓને **શૈક્ષણિક સહાય** આપવામાં આવશે. ફોર્મ **તનમન ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ,** ૧લે માળે, ભુજબળ નિવાસ, મદ્રાસી મંદિરની બાજુમાં, જવાહરલાલ નેહરૂ રોડ, મુલુંડ (વેસ્ટ), ફોન **25903515 / 16** ખાતેથી મેળવી લેવા.

ઈ-મેલ થી ફોર્મ મેળવવા
**tanmantour@gmail.com**
પર ઈ-મેલ કરી ફોર્મ મેળવી ડાઉનલોડ કરી શકશો.

સ્કુલ ખુલેથી ફી ભરીને ફોર્મ ભરી, ફીની રસીદની અને ગયા વર્ષના પરિણામની ઝેરોક્ષ કોપી સાથે ઉપરના સરનામે ૭ જુલાઈ સુધી મોકલવા યા ઈ-મેલ કરવા વિનંતી છે.

**શ્રી ક.દ.ઓ. મોતા પરિવાર અંબામા ટ્રસ્ટ**

# અનોખી માર્કશીટ

બોર્ડના પરિણામની માર્કશીટ હાથમાં આવતાં જ જયના મુખ પર ખુશી છલકાઈ ગઈ. સ્કૂલના બધા શિક્ષકો તો જયનો જયજયકાર કરતાં થાકતાં જ નહોતા...

'જોયું ગણિતમાં મારી કરાવેલી તૈયારીઓની અસર... સોમાંથી પુરા સો...! કોઈની તાકાત છે કે જયનો એક માર્ક કાપી શકે...? ગણિતના શિક્ષક તો બધા વચ્ચે છાતી ફુલાવીને બોલ્યા.

'ગણિતમાં તો કેટલાય વિદ્યાર્થીઓ પુરા માર્ક્સ લાવે... વિજ્ઞાનમાં આખા જિલ્લામાં જય એકલાનાં જ સો માંથી સો માર્ક્સ છે... અને મારા ભણાવેલા વિજ્ઞાનની કોઈ બરાબરી જ ન કરી શકે.' વિજ્ઞાનના સર તો જયની માર્કશીટ લઈને પોતાની ખુરશી પર ચઢીને આખા સ્ટાફને સંભળાય તેમ બોલ્યા.

'ઓ ગણિત... વિજ્ઞાનવાળાંઓ તમે ભાષામાં પંચ્ચાણુ માર્ક લાવીને બતાવો... જયના ગુજરાતીના પંચ્ચાણુ માર્ક્સ આખા રાજ્યમાં અવ્વલ છે... જેની માતૃભાષા મજબુત તેના બધા વિષયો મજબૂત.' ગુજરાતીના શિક્ષકે તો પેલા બન્ને શિક્ષકોને સંભળાય તેમ જયની માર્કશીટ હાથમાં લેતા કહ્યું.

જય અને જયની માર્કશીટ બધા શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ બધાના હાથમાં વારાફરતી ફરી રહી હતી.

'તારા મમ્મી-પપ્પા ક્યાં છે, જય... ? મારે પુછવું છે કે તેઓ તને કેવી રીતે તૈયારી કરાવે છે...? તારી પાછળ કેટલો સમય આપે છે...? એક વિદ્યાર્થીના મમ્મીએ માર્કશીટ જોઇને પૂછી લીધું.

'મમ્મી... જયના મમ્મી-પપ્પા તો કોઇ'દી સ્કુલે આવતા જ નથી....! પેલા વિદ્યાર્થીએ જ તેની મમ્મીને જવાબ આપી દીધો.

ગુજરાતીના શિક્ષકે જયને ન સંભળાય તે રીતે પેલા બેનને ધીરેથી કહ્યું. 'હા...જયના પપ્પા તો ફૂટપાથ પર જુના પુસ્તકો વેચે છે.. મમ્મી બીજાના ઘરે કામ કરે છે... તેઓ અતિ સામાન્ય પરિસ્થિતિના છે... આ તો જય જેવો દિકરો લાખોમાં એક હોય જે જાત મહેનતે આગળ આવે...!'

'સર...હું જાઉં... મારા મમ્મી-પપ્પાને પણ રીઝલ્ટ બતાવવું છે.' જયને ઘરે જવાની ઉતાવળ હતી.

ત્યાં જ સામે પ્રિન્સિપલ સર આવ્યા, તેમના હાથમાં મીઠાઇનું બોક્સ હતું, 'હા.. જા દિકરા... તારા પેરેન્ટ્સ પાસે મોબાઈલ જ નથી તો એ ક્યાં ઓનલાઇન રીઝલ્ટ જોઇ શકવાના છે...? પણ તારા જેવો દિકરો ખરેખર જિંદગીની ઓન-લાઇને છે તેનો અમને ગર્વ છે... અને અમે તારા રીઝલ્ટની ખુશીના પેંડા આખી સ્કુલમાં આપવાનાં છીએ... લે આ બોક્ષ તારા મમ્મી-પપ્પાને આપજે...'

'સર... પેંડા તો મારે આપવાના હોય...!' જયે ધીમા અવાજે કહ્યું.

'બેટા... તારા પરિણામથી તો અમને પેંડા વહેંચવાનું મન થઈ આવે છે... તું જલ્દી જા... તારા મમ્મી-પપ્પાને કહેજે કે તું સમગ્ર રાજ્યમાં પ્રથમ આવ્યો છે.' પ્રિન્સિપલ સરે જયના માથા પર હાથ મુક્યો.

'થેંક્યુ સર' એટલું કહીને જયે પેંડાનું બોક્ષ અને માર્કશીટ લઈ પોતાની સાયકલનું હેન્ડલ ઘર તરફ વાળ્યું.

જયે જોયું તો મોટા ભાગના વિદ્યાર્થીઓ મમ્મી-પપ્પા સાથે પોતાનું પર્સનલ ટુ વ્હીલર લઈને કે કારમાં આવ્યા હતા. જો કે આવી કોઇ સગવડ જયના નસીબમાં નહોતી. તેના પપ્પા પાસે પણ હજુ જુની પુરાણી સાયકલ જ હતી. દે દસમાં ધોરણમાં જયને વારસામાં મળી હતી.

આ સાયકલની રફતાર વધી રહી હતી તે તેને પોતાની માર્કશીટ બતાવવાની ઉતાવળ નહોતી પણ પોતાના આ વર્ષની મમ્મી પપ્પાએ બનાવેલી માર્કશીટ લેવાની ઉતાવળ હતી.

જય ઘરે પહોંચ્યો. તે દોડીને મમ્મી પપ્પાની પાસે ગયો, 'મમ્મી-પપ્પા આ મારી માર્કશીટ અને પેંડા... ગુજરાતમાં પહેલો આવ્યો છું...' જયની ખુશીનો પાર નહોતો.

મમ્મી-પપ્પાએ માર્કશીટ પર નજર ફેરવી અને તરજ જ ભગવાનનાં ચરણોમાં મુકી દીધી.

'મારી પેલી માર્કશીટ ક્યાં....?' જયે તેની દરવર્ષની જેમ આ વર્ષે મમ્મી પપ્પાની પરીક્ષાની માર્કશીટની ઉઘરાણી કરી.

'અરે... બેટા... હવે તું મોટો થયો... કદાચ અમારા આપેલા માર્ક તને નહી ગમે તો...? આ વખતે નહી આપીએ તો નહી ચાલે...?' જયના પપ્પાએ તો ઇન્કાર કરતા કહ્યું.

ના એમ નહી ચાલે મારે તમારી બનાવેલી માર્કશીટ જોઇએ જ...' જયે જીદ કરી.

'સારૂ, લે પણ ધ્યાન રાખજે... અમે તારી સ્કુલના શિક્ષકો જેવા હોંશિયાર નથી. જય બેટા, આ કોઈ ભણવાના વિષયોની માર્કશીટ નથી પણ તારા જીવનનું આ વર્ષનું અમારૂ વાર્ષિક મૂલ્યાંકન છે.' અને પપ્પાએ જયને તેની અનોખી માર્કશીટ આપી.

જયે તો બે પાનાની માર્કશીટ હાથમાં લીધી અને મમ્મી-પપ્પાએ કેટલા ગુણ આપ્યા છે તે જાણવાની તાલાવેલી જાગી.

જયના પપ્પા ભલે સામાન્ય પરિસ્થિતિના હતા પણ પુસ્તકોના અભ્યાસથી તેઓ પોતાના પુત્રનો સાવ જુદી રીતે જ ઉછેર કરી રહ્યા હતા.

દર વર્ષે જયનું સાત જુદા જુદા વિષયોનું વાર્ષિક મૂલ્યાંકન કરી સો ગુણની પરીક્ષાની જેમ જ તેના માર્ક આપતા.

આ અનોખી માર્કશીટમાં ઉપર જયનું નામ... ઉંમર અને તેની નીચે વિષયોના નામ લખી તેની સામે મેળવેલ ગુણ લખેલા હતા. દરેક વિષયની નીચે વિષયની નીચે વિસ્તારથી જવાબ લખેલો હતો.

**વિષય પહેલો : પોતાની વસ્તુઓની દરકાર**

**મેળવેલ ગુણ : ૯૧**

જય તારી વસ્તુ પ્રત્યેની દરકાર ઘણી સારી છે, તારી દરેક ચોપડીઓના પૂંઠા અને તેની સંભાળ સરસ રીતે કરી છે... તારો કબાટ તું વ્યવસ્થિત રીતે રાખતા શીખી ગયો છે. તારી દરેક વસ્તુઓ તેના સ્થાને મુકવાની આદત સુધરી છે. પણ આ વર્ષે તું સાયકલ પ્રત્યે સહેજ બેધ્યાન હતો. તેની સાફસફાઈ, કુલ નવ વાર થયેલ પંચર (ગયા વર્ષ કરતા ત્રણ વાર વધારે), તારાથી એક જોડ ચંપલ અને ચાર પેન, એક પેન્સિલ ખોવાયેલ છે જેના કારણે નવ માર્ક કપાયા છે.

**વિષય બીજો : પોતાની સારસંભાળ**

**મેળવેલ ગુણ : ૯૫**

બેટા જય આ વખતે તારી બોર્ડની પરીક્ષાની સાથે તારા આરોગ્યની સંભાળ સારી રીતે કરી છે. બહારના જંકફૂડ ખાવાની એકવાર પણ જીદ કરી નથી. તેં આ વર્ષે તારા કપડાના બટન જાતે લગાવવાનું શીખી લીધું. સમયસર જાતે વાળ કપાવી નાંખે છે. પણ જમીને હજુ થાળી નહી ઉપાડવાની તારી આદત નથી બદલાઈ. સવારે ઉઠ્યા પછી તારી પથારી હજુ તારી મમ્મીએ જ ઉઠાવવી પડે છે જેના કારણે તારા પાંચ ગુણ ઓછા થયા છે.

**વિષય ત્રીજો : ઘરની જવાબદારી**

**મેળવેલ ગુણ : ૮૫**

અમને ખ્યાલ છે કે આ વર્ષે અભ્યાસનું વર્ષ છે એટલે ઘરની જવાબદારી શક્ય નહોતી. રૂમમાંથી બહાર નીકળતા પંખાની સ્વિચ બંધ ન કરવી. સવારે ચકલીને ચણ નાખવાનું તારા ટ્યુશનને લીધે ઘણીવાર ભૂલી જતો. નિયમિત પ્રાર્થના ન કરવી, ન્હાતી વખતે વધુ પાણીનો ઉપયોગ કરવો જેવી કાયમી ભૂલોને લીધે આ વર્ષે પંદર માર્ક ઓછા છે.

**વિષય ચોથો : મિત્રો સાથેનો વ્યવહાર**

**મેળવેલ ગુણ : ૯૦**

આમાં તો તારા મિત્રો તરફથી કોઈ ફરીયાદો નથી પણ તારા અંગત મિત્ર રાકેશ સાથે તારે ત્રણ વાર ઝઘડો થયો હતો. તમારા બે મહિના સુધી અબોલા રહેલા. જય બેટા... વાંક ભલે ગમે તેનો હોય પણ મિત્રતાના એક છેડે આપણે ઉભા છીએ જેથી ક્યારેક જતું કરીને મિત્રતા નીભાવવી.

**વિષય પાંચમો : સમય પાલન**

**મેળવેલ ગુણ : ૯૯**

જય.. આ વિષયમાં તું હંમેશા અવ્વલ રહ્યો છે... તેં તારા ટાઈમ ટેબલ મુજબ સતત કાર્ય કર્યુ છે. અને બેટા ધ્યાન રાખજે જે વ્યક્તિ પોતાના સમયને સમજે છે અને સાચવી લે છે તેના જીવનની દરેક પરીક્ષાનું પરિણામ શ્રેષ્ઠ જ હોય છે.

**વિષય છઠ્ઠો : પરસ્પરનો પ્રેમ**

**મેળવેલ ગુણ : ૧૧૧**

જય... આ એક વિષયમાં તારી મમ્મીએ માર્ક આપ્યાં છે. તારી મમ્મીએ કહ્યું છે મારા જયને ૧૦૦ માંથી ૧૧૧ માર્ક આપજો. તેણે કહ્યું છે કે જય કાયમ પહેલો નંબર લાવે છે છતાંય તેને ક્યારેય બીજા સુખી ભાઈબંધો સાથે પોતાની સરખામણી નથી કરી. બાઈક કે મોબાઈલ લેવાની ખોટી જીદ નથી કરી. અમે તને બીજાના મમ્મી-પપ્પા જેવી સુવિધાઓ પણ નથી આપી શક્યા છતાં ક્યારેય કોઈ ફરીયાદ નથી કરી. વાંચતા ઉંઘ ન આવે માટે ઘરમાં દૂધ ન હોય તો રાત્રે પાણી, ચા અને ખાંડ ગરમ કરીને વગર દૂધની ચા પીને તું ઘણીવાર અમને સુતા મુકીને જાગતો રહ્યો છે અને વાંચતો રહ્યો છે. તારા વિદાય સમારંભ વખતે તને મળેલ એલાર્મ ક્લોક તેં સામેવાળા રમણિક કાકાને આપી દીધેલી કારણ કે તેમને ઘણીવાર વહેલા ઉઠવામાં તકલીફ પડતી. આ બધુ સમજી તારી મમ્મીએ તને સો વત્તા અગિયાર માર્ક વધારાના આપ્યાં છે. એટલે તને કુલ છસોમાંથી ૫૭૧ માર્ક્સ મળે છે. અર્થાત ૯૫.૧૬% અભિનંદન...

બેટા જય... તું અમારો જીગરજાન ટુકડો છે. આપણે પરસ્પરનો પ્રેમ સાચવવો અને એકમેકના જીવનની જરૂરિયાત સમજવી તે તું ખૂબ સારી રીતે સમજ્યો છે. તારી મમ્મી છે તે ક્યારેય પોતાના દિકરાના માર્ક કાપી ન શકે.. પપ્પા કઠોર બની શકે.. મા નહી...!

બેટા... જીવનનાં આ વિષયોમાં કાયમ વધારે ને વધારે માર્ક લાવવાનો પ્રયત્ન કરજે... આજે ઉપરના વિષયો તને કદાચ નાના કે બિનજરૂરી લાગતા હશે પણ તે તને ઉજજ્વળ ભવિષ્ય તરફ ચોક્કસ લઈ જશે.

**વિષય સાતમો : વાલી તરીકે અમારી ફરજ**

**આપવાના ગુણ :**

બેટા જય... આ વર્ષે આ જુદો વિષય ઉમેર્યો છે... આ વિષયમાં તારે અમારૂ મુલ્યાંકન કરવાનું છે. તારે પણ અમને સોમાંથી માર્ક આપવાના છે કે અમે અમારી જવાબદરીનું કેટલું વહન કરી શક્યા છીએ. અમે તને કેટલીયે સગવડો નથી આપી શક્યા. તારી સ્કુલ કે કોઈ સમારંભમાં અમે હાજર રહી નથી

અનુસંધાન પાના નં. ૧૮ ઉપર

## કચ્છી કસબ - ૧૨૨





રચયિતા: **જયકાંત મોતા**
ઘાટકોપર (તેરા)
૯૮૧૯૬ ૨૮૩૮૨

**આડી ચાવીઓ -**

[૧] નવા જોડા પગમાં લાગે તે (૨);[૩] જેમ છે તેમ (૧); [૪] ધ્યાન (૨); [૭] પોતાની મેળે (૩); [૮] કુવો (૨); [૯] સહકુટુંબ સહિત (૪); [૧૦] મીઠાને ભેજ લાગવો (૨); [૧૧] પરોઢીયે (૩); [૧૩] આ (૧); [૧૫] આદત (૩);[૧૬] કાદવ (૨); [૧૮] ભરત ભરવાની સફાઇ (૨);[૧૯] સંતોષ (૧); [૨૦] ભોંય તળીયે નું (૪); [૨૨] સારો (૩); [૨૪] સ્ત્રીનું જવું (૨); [૨૫] પાણી ભરવાની ધાતુની માટલી (૨); [૨૭] ધ્યાન (૨); [૨૮] ઘાઘરા (૩); [૨૯] ત્રેવડ (૨); [૩૧] ફક્ત (૨); [૩૩] કહેવત (૩); [૩૪] હોઠ (૨); [૩૫] સાફ કરવું (૨); [૩૬] મુઠીયા (૩)

**ઊભી ચાવીઓ -**

[૧] આભડવા જવું (૨); [૨] ચીરો (૨); [૪] આંગળી અને અંગુઠાથી અવાજ કરવો તે (૩); [૫] એમ જ (૩); [૬] આપણો (૩); [૭] ઈંડાઓ (૨); [૮] વાળવું (૨); [૧૧] નાની વસ્તુ (૩); [૧૨] કાંચની બાટલી (૨); [૧૪] વીંટી (૨); [૧૫] દેખાડો (૩); [૧૭] મીઠાભાત (૩); [૧૮] કહેશે (૨); [૨૧] ચીજોનું બંડલ (૪); [૨૩] ઘસાઇ જવું (સ્ત્રી ને લગતું) (૩); [૨૬] કામમાં ઢીલો (૩); [૨૮] આખડીયો (૩); [૨૯] ત્રેવડ (૨); [૩૦] હોઠ (૨); [૩૨] ટીંડલી (૨)

**(ઉકેલ અન્યત્ર)**

## ગુજરાતી કાવ્યોમાં વરસાદ

પાન લીલું જોયું ને તમે યાદ આવ્યાં,
જાણે મોસમનો પહેલો વરસાદ ઝીલ્યો રામ,
એક તરણું કોળ્યું ને તમે યાદ આવ્યાં.

**- હરીન્દ્ર દવે**

વેર્યા મે બીજ અહીં છુટ્ટે હાથે,
હવે વાદળ જાણે ને વસુંધરા. **- મકરંદ દવે**

ઝરમર વરસાદ તને આછી આછી ભીંજવે
ને ભીનું ભીનું મલકાય,
હોઠો પર આવીને અટકેલું નામ પછી
કાગળના કાળજે લખાય. **- હિતેન આનંદપરા**

આજ વાદળ એટલું વરસે તો બસ,
છ દશની ટ્રેન એ ચૂકે તો બસ. **- બાલુભાઈ પટેલ**

પાણીના ટીપે ઘાસમાં જઈએ,
ચાલ, કોઈ પ્રવાસમાં જઈએ,
પહેલી વર્ષામાં એક થઈને પછી,
માટીના ભીના શ્વાસમાં જઈએ.

**- શોભિત દેસાઈ**

ચાલ વરસાદની મોસમ છે, વરસતા જઈએ,
ઝાંઝવા હો કે હો દરિયાવ, તરસતા જઈએ.

**- હરીન્દ્ર દવે**

બંધ હોઠમાં સોળ વરસની કન્યા આળસ મરડે રે,
વરસાદ ભીંજવે, અહીં આપણે બે અને
વરસાદ ભીંજવે, મને ભીંજવે તું, તને વરસાદ ભીંજવે.

**- રમેશ પારેખ**

આજે નથી જાવું કોઈ૧ને'ય કામ પર,
અલ્યા ધીંગા વરસાદ તારા નામ પર.

**- વેણીભાઈ પુરોહિત**

ખોતરે છે જન્મ ને જન્માંતરોની વેદના,
આ અષાઢી રાતનો વરસાદ પણ શું ચીજ છે.

**- મનોજ ખંડેરિયા**

સળગતા સૂર્યના વેરાન રણની વચ્ચોવચ,
તને સ્મરું અને વરસાદ ધોધમાર પડે.

**- આદિલ મન્સૂરી**

તૂટી પડશે, ઓથાર છે, બારે મેઘા તૈયાર છે,
હેલી આવી છે યાદની, ને શ્રાવણ અનરાધાર છે.

**- દિનેશ દેસાઈ**

મારો સાહ્યબો અષાઢીલો મેઘ છે સખી,
એને વરસતાં લાગે છે વાર, પણ વરસે ત્યારે અનારાધાર...!
ઉપરથી લાગે છે કોરોધાકોર, એની ભીતર ઘેરાતું આકાશ,
આષાઢી અણસારો ઓળખતા આવડે તો ચોમાસું છલકે ચોપાસ.

**- તુષાર શુક્લ**

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન
સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### સાતદિવસીય જીવન શણગાર શિબિર

આ.ભ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના પાવન સાનિધ્યે અંબરનાથના ઉપક્રમે પૂ. દેવરત્નસાગર મ.સા.ની ચતુર્થ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે સાતદિવસીય જીવન શણગાર ૧૧૭ બાળકોની શિબિરનું સુંદર આયોજન થયેલું. જેમાં આચાર્ય ભગવંત તથા પૂ. દેવરક્ષિત મ.સા. અને મેઘરક્ષિત મ.સા. નિયમ બધ્ધ આયોજન કરેલું. શિબિરમાં બાળકો સવારે વહેલા ઉઠી દર્શન, યોગા/ધ્યાન/કસરત, શાસન વંદના, જ્ઞાનવાણી શ્રવણ, સ્નાત્ર-પૂજાભક્તિ, સંધ્યાભક્તિ, આરતી, સ્પર્ધા-ગેમ-ઇનામો નિત્યક્રમ બની ગયેલા, તથા સાથે આંગી સ્પર્ધા, ચૈત્ય પરીપાટી, જાદુ શો, ભાવતા ભોજનીયા, શાહપૂર જાત્રા કરેલી.

અનેક બાળકોએ કંદમૂળ ત્યાગ, ૩૬૫ દિવસ જિનાલયે પ્રભુ દર્શન, માતા-પિતાના પાયવંદન, મહિને એકવાર ધોતી-ખેસ પહોવી, સામાયિક વગેરે નિયમો પણ લીધા. આપણા ઘણા બાળકો આ શિબિરમાં ગયેલા.

### શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ - મુલુંડ

મંડળ દ્વારા આયોજીત શ્રી મહાકાળી માતાજીની ભાવના ૨૪-૬-૨૦૧૮ને રવિવારના રાતના ૯ કલાકે શ્રી વાસુપુજ્ય જિનાલય, ઝવેરરોડ મધ્યે રાખવામાં આવેલ છે. જેનો લાભ એમ.જે ગ્રુપ-મુલુંડ વાળાએ લીધેલ છે. રીધ્ધી સીધ્ધી મંડળ ભાવનામાં પધારશે. ત્યારબાદની ભાવના ૨૨-૭-૨૦૧૮ના છે. જેનો લાભ શ્રી કુંવરજી વીરજી શાહ પરિવાર - ભરૂડીયા વાળાની છે.

### શ્રી ક.દ.ઓ. જૈન કચ્છ એકમ

આપણી જ્ઞાતિજનોના સૌથી મુંઝવતા પ્રશ્નના નિરાકરણ માટે કચ્છ એકમના પ્રથમ પ્રયાસ રૂપે યુવક/યુવતીઓ ના સગપણ સંમેલનનું આયોજન ૩૦-૦૯-૨૦૧૮ને રવિવારના ગાંધીધામ મધ્યે કરવામાં આવેલ છે. જેમાં જોડાવવા સમસ્ત ભારતના ક.દ.ઓ. યુવક/યુવતીઓ (વિધવા, વિધુર પણ સામેલ થઈ શકશે)ને આમંત્રિત કરીએ છીએ.

માહિતી માટે સંપર્ક - ઈમેલ : kutchekkam@gmail.com મહેશ લાલકા - 9825287555, લહેરચંદ ખોના - 9825138103, મિતેશ ધરમશી - 9825226557.

### શ્રી મહેન્દ્ર શાહની - DRUCC કમિટીમાં વરણી

ભાવનગર ખાતે સ્થાયી થયેલા શ્રી મહેન્દ્રભાઈ સુધાકર શાહ નલીયા, ૩૨ વર્ષથી ભાવનગર ડીસ્ટ્રીક્ટ ચેમ્બર ઑફ ઈન્ડસ્ટ્રીઝ સાથે સંકળાયેલા છે. હાલમાં ચેરમેન તરીકે સેવા આપી રહ્યા છે. તેમની રેલ્વેના ભાવનગર ડિવિઝનલ મેનેજર દ્વારા બે વર્ષ માટે ડિવિઝનલ રેલ્વે યુઝર્સ કન્સસ્ટેટીવ કમિટીમાં વરણી કરવામાં આવી છે.

### કચ્છમાં ફરી પાછી ચકલીઓ વિશાળ સંખ્યામાં દેખાઈ

માનવજ્યોત સંસ્થા ભુજ દ્વારા શ્રી પ્રબોધ મુનવરના માર્ગદર્શન હેઠળ જીવદયાનું કાર્ય ચાલી રહ્યું છે. કાળઝાળ ગરમી અને બળબળતા તાપમાં પક્ષીઓને પીવાનું પાણી મળી રહે, ચકલીઓને રહેવા ઘર મળે તેવા હેતુ સાથે કચ્છનાં મોટા ભાગનાં દરેક ગામો અને શહેરોમાં માનવજ્યોતના માટીનાં કુંડા અને માટીનાં ચકલીઘરો ઠેર-ઠેર લટકી રહેલા જોવા મળે છે. તરસ્યા પક્ષીઓ કુંડા ઉપર બેસી, પાણી પી ને પોતાની પ્યાસ બુઝાવે છે. અનેકવખત પાણી ન મળવાથી તરસ્યા પક્ષીઓ તરફળી ને મૃત્યુ ને ભેટે છે. આવા સંજોગોમાં માટીનાં કુંડામાં મૂકાયેલું પાણી પક્ષીઓને બચાવતા રાહતરૂપ સાબિત થાય છે. માટીનું રૂપકડું ચકલીઘર હવે ચકલીઓ માટે સાચા અર્થમાં ઘર બની ચૂક્યું છે. જેમાં ઇંડા મૂકી ચકલીઓ બચ્ચાઓનો ઉછેર કરે છે. જીવદયા પ્રેમીઓ હવે કુંડુ અને ચકલીઘર ઘરમાં વસાવીને જીવદયાનું ઉત્તમ કાર્ય કરી રહ્યા છે.

જીવદયાની આ પ્રવૃત્તિ મોરબી-અમદાવાદ-રાજકોટ-ભાવનગર-જુનાગઢ જેવા શહેરમાં પહોંચી ગઇ છે. ભુજ અને કચ્છનાં દરેક ગામો અને શહેરોમાં આ પ્રવૃત્તિ પહોંચી ચૂકી છે. ચાલુ વર્ષે માનવજ્યોત સંસ્થા ભુજ દ્વારા ૩૦ હજાર કુંડા તથા ૨૦ હજાર ચકલીઘરોનું વિતરણ કરવામાં આવ્યું છે.

### શ્રી ક.દ.ઓ. મહાજન કોચીન

મહાજનના ઉપક્રમે ૫ મે ના એક માહિતી સભર કાર્યક્રમ


કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
*Sachi Jari maate real nam*
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ **Sunday Closed**
**Originally at Zaveri Bazar since 1976**


**ઓપન બુક એકઝામ**

**જિનજ્ઞા ભાગ - ૪**

**પેપર મોકળવાની છેલ્લી તા. ૧૦-૭-૨૦૧૮ સુધી લંબાવવામાં આવી છે.**

શ્રી કિશોરભાઈ કુરૂવાના પ્રમુખ પદે યોજવામાં આવ્યો. શ્રી કમલેશભાઈ શીવજી વિકમશી "Current state of economy in the right of path breaking reforms" આ વિષયે સેમીનાર માટે મુંબઈથી પધાર્યા હતા. શ્રી કોચીન ગુજરાતી સમાજના યુવાનોને પણ આ માટે ખાસ આમંત્રીત કર્યા હતા. જેથી તેમની કારકીર્દી માટે ઉપયોગી થાય. ૧૬૦ જણાઓએ ભાગ લીધો હતો. ડિમોનેટાઇઝેશન, જી.એસ.ટી., આધાર વિગેરેની વિવિધ માહિતી આપી હતી. પ્રશ્નોતરીનો કાર્યક્રમ બહુ રસપ્રદ રહ્યો હતો. અત્રેના બે યુવાનો અંકીત આર મોમાયા ને દિવેશ શાહ સી.એ. થયા છે. તેમનું શ્રી ક.દ.ઓ. મહાજન વતી શ્રી કમલેશભાઈએ સન્માન કર્યું હતું. શ્રી કમલેશભાઈને સ્મૃતી ભેટ શ્રી કિશોરભાઈએ આપી હતી.

### મૈત્રી ગ્રુપ ઘાટકોપરની ૧૨ વર્ષની માનવ સેવા

મૈત્રી ગ્રુપ ૧૨ વર્ષ પૂરા કરી આગળ વધે છે. સૌ પ્રથમ અમે બધાં દાતાઓનો આભાર માનીએ છીએ તેઓ એ અમારા પર ભરોસો રાખી ને અમને ફંડ આપ્યો. અત્યાર સુધી રૂા. ૧૫ લાખ અમે દાનધર્મમાં આપી દીધા છે. કોઇક ને શાતા આપીને અમારા મેમ્બરો ને શાંતિ મળે છે અમે વ્યક્ત નથી કરી શકતા. મૈત્રીગ્રુપ એટલે સૌ સાથે મૈત્રી કરવાની અને બની શકે એટલું કોઅને પણ કોઈ રીતે ઉપયોગી થવું. ઈશ્વર ને એ જ પ્રાર્થના છે કે માનવધર્મ બજાવતી વખતે અમારા કોઇ થી પણ ભૂલ થાય તો અમને માફ કરજો.

### શ્રી પદમમુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)

પૂ. શ્રી જયલક્ષ્મીજી મ.સા.ની પ્રેરણાથી આપણા ટ્રસ્ટની સ્થાપના કરેલ. તેમજ પૂ. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ના આર્શિવાદ અને માર્ગદર્શનથી ટ્રસ્ટના સમાજસેવાના કાર્યોમાં હંમેશા સફળતા પ્રાપ્ત કરેલ છે.

**કાયમી તીથી :** ૧) પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા. દિક્ષા નિમિત્તે હસ્તે લતાબેન લહેરચંદ વિકમશી, ૨) અજય હિતેશ મોતા વાલકેશ્વર હસ્તે નીસા હિતેશ મોતા, ૩) શીવજી વેલજી લોડાયા, વડોદરા હસ્તે ખમ્માબેન, ૪) પ્રતાપ કલ્યાણજી ધરમશી, મુલુંડ હસ્તે મધુરીબેન, ૫) સોમચંદ સોજપાલ નાગડા, મુલુંડ, ૬) યશોધન જીવરાજ લોડાયા, મદ્રાસ હસ્તે મીરા જયેશ નાગડા, ૭) રતનબાઈ કાનજી ધુલ્લા, વડોદરા.

**એક દિવસ નકરો :** ૧) તેજ કૃણાલ અનિલ મોતા હસ્તે અનિલભાઈ મોતા, અંધેરી, ૨) ગુલાબચંદ દેવશી દંડ હસ્તે સુનીતાબેન હુબલી, ૩) પ્રવીણ ખીમજી ફુરીયા, ૪) નિર્મલાબેન નેમીચંદ નાગડા, ૫) નેમીચંદ પદમશી નાગડા, હસ્તે વિજયભાઈ, દહીસર

### સાંધવ (કચ્છ)માં નૂતન અતિથિગૃહમાં સુવિધા

સાંધવ (કચ્છ)માં નૂતન અતિથિગૃહમાં સુવિધા તેમજ ભોજનશાળા માટે પૂર્વ સૂચના આપવા પંકજ ડાઘા - 7984326566 અને શાંતિલાલ લોડાયા - 8980246615 નો સંપર્ક કરવો.

### ''જૈન ધર્મના મૂળભૂત સિધ્ધાંતો''ના પુસ્તકનું પ્રકાશન

તેલંગણાના નિઝામાબાદ શહેરના સુશ્રાવિકા શ્રીમતિ વીણાબેન ઉત્તમચંદ મોતા (વારાપધર)ના સૌજન્ય થી પૂ. સાધ્વી શ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા. દ્વારા સંકલિત જૈન ધર્મના મૂળભૂત સિધ્ધાંતોને હિન્દી ભાષામાં આવરી ૮૦ પૃષ્ઠોમાં ગાગરમાં સાગર સમાવ્યો છે. શ્રી પ્રજ્ઞેશ વીરચંદ


## MATRIMONIAL

June 1986 boy 5'6", 65 Kgs. well employed at Pune seeks proposals from home loving Girls.

Contact : **0251 - 2448280 / 2433621**
**9773900239 / 7043950214**



**લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ**

## અવસર સારીઝ

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676


## દ્વિતીય પુણ્યતિથિએ ભાવભરી શ્રધ્ધાંજલિ





જન્મ : તા.૨૭/૧૦/૧૯૭૦

દેહ વિલય : તા.૧૬/૦૬/૨૦૧૬

### અ.સૌ. પલ્લવી

**વ્હાલસોઇ દીકરી અમારી, રતન આંખોનું દીકરી અમારી,**
**હેતપ્રીતનાં હિલોળા લેતી લક્ષ્મી સ્વરૂપા લાડલી અમારી**
**ઈશ્વર ઘેર ગઇ દીકરી અમારી, પળપળ યાદ આવતી**
**દીકરીને અમે આપીએ અશ્રુભરી આંખે ભાવભરી શ્રધ્ધાંજલિ.**

**અશ્રુભિની શ્રધ્ધાંજલિ**

| | |
|---|---|
| માતા-પિતા | : **ગં.સ્વ. કસ્તુરીબેન સોમચંદ છેડા** (જસાપર) |
| ભાઈ-ભાભી | : **અ.સૌ. વર્ષા લલીતકુમાર છેડા** |
| બહેન-બનેવી | : **અ.સૌ. સુશીલા નિરંજન મૈશેરી** (લાલા)<br>**અ.સૌ. હંસા દિલીપ મોમાયા** (વરાડીયા) |
| ભત્રીજો-ભત્રીજા વહુ | : **કરૂણા ઋષભ છેડા** |
| ભાણેજ-ભાણેજ જમાઈ | : **કોમલ-ડેનીશ, શીતલ-તેજસ,**<br>**પાયલ-વિમલ, જલ્પા** |
| ભાણેજ પુત્ર-ભત્રીજા પુત્રી | : **પલાશ, વંશ, આધ્યા** |

કાનજી હુબલીવાળા આ પુસ્તકના દાતા છે. ઘર ઘરમાં વસાવી અમલમાં મૂકવા જેવું હિતકારી પુસ્તક છે.

**મોટી સિંઘોડી મહિલાઓની પ્રશંસનીય પહેલ**

મોટી સિંઘોડી મહાજનની ટીમમાં પ્રમુખ પદે શ્રીમતી હર્ષાબેન ઉદયન લોડાયાની વરણી કરવામાં આવી છે. તેમજ કારોબારીમાં સતત કાર્યશીલ પીઢ મહિલા શ્રીમતી જ્યોત્સનાબેન લહેરચંદ મૈશેરી પુનઃ કાર્યરત થયા સહમત થયા છે. શ્રીમતી વીણાબેન રાજેશ મોતાની વરણી નવા આગંતુકો પૈકી એક છે.

**સાંયરા સમાચાર**

૧૩-૫-૨૦૧૮ના સરળ સ્વભાવી પૂ. આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. પધારતા સાંયરા સંઘ વાજતે ગાજતે સામૈયા થી પ્રવેશ કરેલ.

૧૪-૫-૨૦૧૮ના પ.પૂ. સાહિત્ય દિવાકર પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ સાધુ ભગવંતો પધારતા સાંયરા સંઘ વાજતે ગાજતે પ્રવેશ કરાવેલ સાયંરા સંઘ તરફથી પ્રભાવના થયેલ.

૧૮-૫-૨૦૧૮ના માતુશ્રી દમયંતીબાઈ રતનશી કુંવરજી લોડાયાએ નૂતન બંગલો બનાવેલ. જેમાં વાસ્તુ પૂજા ભણાવવામાં આવેલ જેમાં તારાબેન, શોભનાબેન, મનીષાબેન, ઉત્તમભાઈ, રતીલાલભાઈ, તબલચી મણીલાલભાઈ તથા પૂ.સા. શ્રી અનંતયશાશ્રીજી તથા પૂ. સા. શ્રી અપૂર્વયશાશ્રીજી મ.સા. સારી રમઝટ બજાવેલ.

૧૯-૫-૨૦૧૮ના પૂ. તપચક્રવતિ અચલ-ગચ્છાધિપતિ પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરજી મ.સા. તથા જ્યોતિષ વિશારદ પૂ. આ.ભ. શ્રી વિરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ મુનીજનો તથા સાધ્વીશ્રીઓ ભગવંત પધારતા સાંયરા સંઘ વાજતે ગાજતે પ્રવેશ કરાવેલ ત્યારે સાંયરા સંઘ તરફથી કામળી વહોરવવામાં આવેલ જેમાં તરૂણભાઈ, શાંતીલાલભાઈ,ભદ્રેશભાઈ, પદમશીભાઈ, વાલજીભાઈ, રતીલાલભાઈ, ઉત્તમભાઈ લાભ લીધેલ. માતુશ્રી દમયંતીબાઈ રતનશી કુંવરજી લોડાયા નૂતન બંગલો બનાવેલ જ્યા ભગવંતોના પગલા થયા તથા ગુરૂપૂજન થયેલ.

સાંયરા સંઘ તરફથી ૧૫૦/- રૂપીયાનું સંઘ પૂજન થયેલ. માતુશ્રી દમયંતીબાઈ રતનશી કુંવરજી લોડાયા તરફથી આખા દિવસનું સાધર્મિક ભક્તિ રાખેલ.

આ પ્રસંગે પૂ. સા.શ્રી હંસાવલીશ્રીજી મ.સા. આદિઠાણા ૩ પૂ. સા. શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા. તથા પૂ. સા.શ્રી અનંતયશાશ્રીજી મ.સા. ઠાણા ૪ તથા પૂ. સા.શ્રી નંદીશ્રેણાશ્રીજી મ.સા. આદિઠાણા ૩ તથા પૂ. સા.શ્રી આનંદ કિરણાશ્રીજી મ.સા.ની હાજરી હતી. આ પ્રસંગે ગાંધીધામ, ભુજ, કોઠારા, સુથરી, સાંધાણ, સાંધવ, મઠડા, વારાપધર, જખૌ થી ૧૭૫ ભાવિકો પધારેલ.

૨૫-૨૦૧૮ના માતુશ્રી ગંગાબાઈ લીલાધર મોમાયા હસ્તે શ્રીમતી કલ્પનાબેન વિજયભાઈ મોમાયા તરફથી છાશ કેન્દ્ર શુરૂ થયેલ છે. ૪૫ પરિવારે છાશનું લાભ લીધેલ. સંચાલન ઓમ ગુંસાઇ તથા શામજીભાઈ રાઠોડ સેવા આપે છે.

૨૮-૫-૨૦૧૮ના શ્રીમતી રમીલાબેન હીરાચંદ વિશનજી પટેલ તરફથી મહાકાળી માતાજીની ભાવના થયેલ જેમાં રતીલાલભાઈ, કસ્તુરીબાઇ, મહેન્દ્રભાઈ તથા તબલચી મણીલાલભાઈ સારી રમઝટ બજાવેલ.

૨૯-૫-૨૦૧૮ના શ્રીમતી રમીલાબેન હીરાચંદ વિશનજી પટેલ તરફથી સ્વામીવાત્સલ્ય જમણ થયેલ.


**સોનલ આર્ટ**

**પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે. તેમજ ઓર્ડર થી બનાવી આપવામાં આવશે.**

**શાંતીભાઈ - 9967841792**

'શિવમ', ડી-૨૦૧, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા.


## દશાઈ સંગીતનું ઘરેણું પખાવાજ

### પખાવાજ પ્રેમી- ભકતજનો આનંદો

તા. ૨૨-૯-૨૦૧૮ શનિવાર રાત્રે ૮-૦૦ કલાકે **પખાવાજ** ભકિત નો પ્રોગ્રામ **માદરે વતન કચ્છ**ની પવિત્ર ભૂમિ **તેરા તીર્થે** નકકી કરવામાં આવેલ છે. ભક્તિનો રસ માણવા સર્વે જ્ઞાતિજનોને ભાવભર્યુ આમંત્રણ છે. સાંજે ચૌવિહાર તથા રાત્રી રોકાણની તેરામાં વ્યવસ્થા કરવામાં આવશે. આપના આગમનની જાણ સમયસર તેરા તીર્થે કરવા નમ્ર વિનંતી જેથી વ્યવસ્થામાં સરળતા રહે.

**સંપર્ક**-શ્રી હીરાચંદભાઈ છેડા- ૦૨૮૩૧-૨૮૯૨૨૪
તથા- શ્રી ગીરીશભાઈ શાહ - ૯૪૨૬૨ ૬૫૨૩૨

**વધુ વિગત માટે**

શ્રી શાંતીલાલ લોડાયા - ૯૮૨૪૦ ૧૨૯૭૧ તથા
શ્રી ચંદ્રકાન્ત ખોના - ૯૩૨૭૨ ૪૯૦૫૧
**વડોદરા** નો **સંપર્ક** કરવો.

## સખીવૃંદ મહિલા મંડળ (SVMM) પુણે



પર્સ, પરફ્યુમ્સ પછી હવે દિવ્યાબેન ચેતન ખોનાએ સૌ સખીઓ ને શીખડાવાનો વિચાર કર્યો. Designer Soaps ઘરે બનાવવાનો. અને તેના માટે તેમણે આમંત્રિત કર્યા શ્રીમતી હેમાબેનને. જેઓ કલાત્મક સાબુ બનાવવાના ક્લાસેસ પણ લે છે. સાબુ બનાવવાની બે પ્રકારની પ્રોસેસ હોય છે. ઠંડી તથા ગરમ. ઠંડી પ્રોસેસમાં જુદા જુદા પ્રકારના તેલ નાખીને બનાવવામાં આવે છે. અને તેને સેટ થવામાં દોઢ મહિના જેટલો સમય લાગે છે. જ્યારે ગરમ પ્રોસેસમાં અંદાજે ૮ કલાકમાં સાબુ તૈયાર થઈ જાઇ છે.

હેમાબેનએ ગરમ પ્રોસેસથી વિવિધ પ્રકારના સાબુ બનાવતા શિખડાવ્યા, જેમકે, ચારકોલ સાબુ, એલોવેરા સાબુ, મુલતાની મટ્ટી સાબુ, ચોકલેટ સાબુ, કડવા લીંબડાનો સાબુ, બકરીના દૂધનો સાબુ, શિયા બટર સાબુ, મધ તુલસી હળદરનો સાબુ, કાકડીનો સાબુ, બેબી એન્જલ સાબુ, કોકમ બટર સાબુ, SCRUB સાબુ. આમ વિવિધ પ્રકારના સાબુ હેમાબેનએ અલગ અલગ પ્રકારના મોલ્ડ્સમાં નાખી ને બતાવ્યા.

## પાસ થયા અભિનંદન



**કુ. ખુશી મનિષ ભેદા**
(મુલુંડ)
12th Arts **93.38%**
1st in Ramnivas Ruia College (Matunga)


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
**Lagna Deep**
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229




## સુથરી તીર્થે અચલગચ્છાધિપતિ પધાર્યા



તપચક્રવતિ અચલગચ્છાધિપતિ પૂ. આચાર્ય શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. તથા આચાર્ય શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા. આદી ઠાણાઓ તથા શ્રમણીવૃંદો આદી ઠાણાઓ શ્રી સુથરી મહાતીર્થ ૨૦-૫-૨૦૧૮ના રોજ પધાર્યા હતા. તેમનું ભવ્યાતિભવ્ય સામૈયું કરવામાં આવેલ. સામૈયામાં મુંબઈથી, ભુજ, ગાંધીધામ, કોઠારા, નલીયા, જખૌ, સાંયરા, સાંધાણ વગેરે ગામો માંથી વિશાળ સંખ્યામાં ગુરૂભક્તો પધાર્યા હતા. પૂ. મ.સા.ના પ્રવેશ બાદ નવકારશી, શ્રી ગૌતમસ્વામીનું પૂજન, બપોરે સ્વામીવાત્સલ્ય જમણ તથા સાંજે પ્રભુજીની આંગી વિવિધ દાતાઓ તરફથી કરવામાં આવેલ.

ગૌતમ સ્વામીનું પૂજન વિધિકાર કેવલ સાવલા સંગીતકાર, નીશાબેન સંઘવી પધાર્યા હતા. સંઘપૂજન ૧૫૦/- રૂપીયાનું કરવામાં આવેલ. પૂજન દરમિયાન બે લકકી ડ્રો હીરાચંદ છેડા તરફથી તથા લાડુની પ્રભાવના માતુશ્રી તેજબાઈ વીશનજી છેડા તરફથી કરવામાં આવેલ. કાર્યક્રમને સફળ બનાવવા. ટ્રસ્ટીશ્રીઓ, તથા જીજ્ઞેશ છેડા અને કાંન્તાબેન અજાણીએ મહેનત કરી હતી.

### ભુલ સુધાર

અંક નં. ૨૩માં પાના નં. ૨૬ ઉપર સમાચાર વિભાગમાં પ્રથમ કૉલમમાં હેડીંગ ''ભાડુંપ ખાતે ખેલેંગે જીતેંગે રમત ગમતનું આયોજન'' એમ વાંચવું તથા ત્યાં મુકેલું હેડીંગ એજ પાના ઉપર બીજી કૉલમમાં ''આનંદ માણો'' શબ્દો પછી વાંચવું


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**
માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537
• સાચી / ટેસ્ટેડ જરીની સાડીઓ / બોર્ડરો
• રેસમવર્કના ફેન્સી ચ. ચોલી • રેડીમેઈડ ફેન્સી કુર્તીઓ
• ભારે પાનેતર • પારસી હાથ અને મશીનની સાડીઓ
• એમ્બ્રોઈડરી મેઈક ટુ ઑર્ડર
સોમવાર બંધ

**નવા/બદલાયેલા સરનામા/ફોન** – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **વિરચંદ પદમશી લોડાયા** (PS 4235) | ૪૩૬, નાકોડા નગર, સાધુ વાસવાની કુંજની પાછળ, વૉર્ડ-૬બી, આદિપુર - ૩૭૦ ૨૦૫, કચ્છ. મો.: ૦૯૯૭૮૫ ૪૯૫૩૬ |
| **શ્રીમતી ઉર્મિલા દેવશી (કાથાવાલા) દંડ** (PS 907) | ૨૦૨, તનિષ્ક હાઈટ્સ, બીજે માળે, ઓઘડભાઈ લેન, એમ.જી. રોડ, પૂજા હોટેલ પાસે, ઘાટકોપર (ઈ), મુંબઈ-૪૦૦ ૦૭૭. મો.: ૦૯૧૩૭૩ ૩૧૧૫૬ |

## જીવનચક્ર

**જન્મ**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪-૦૪-૧૮ | સૂરત | દ્રવ્ય, શ્રુતિ મુકેશ છેડા | જસાપર | પુત્ર |

**સગપણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩-૦૬-૧૮ | ડોમ્બીવલી | મેહુલ ખીમજી દામજી દંડ | મંજલ રેલડીયા | ૨૯ |
| | આંતરજાળ/આદિપુર | ચાર્મી પંકજ ઠાકરશી લોડાયા | વારાપધર | ૨૪ |

**લગ્ન છુટા થયા**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩-૦૩-૧૮ | હૈદરાબાદ | સચિન ભરત પદમશી મોતા | કુઆપધર | ૩૦ |
| | ડોમ્બીવલી | ખુશ્બુ મનોજ દેવશી ધ્રોળ | ગોધરા | ૨૮ |

**મરણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩-૦૬-૧૮ | તિરૂપતી | બુધ્ધિધન પદમશી રાઘવજી મોમાયા | વરાડીયા | ૬૧ |

**અનોખી માર્કશીટ** – પાના નં. ૧૧ ઉપરથી ચાલુ

શક્યાં.. અરે તારા વિદાય સમારંભમાં તારે નવું જીન્સ લેવું હતું પણ મેં તને નહોતું ખરીદી આપ્યું. તારે પ્રવાસમાં જવાનું હતું પણ મમ્મીને ખૂબ ચિંતા હતી એટલે અમે ના કહેલી... બેટા.. અમારી પણ મર્યાદાઓ છે. તારા આપેલા માર્કથી અમે પણ અમારામાં રહેલી ખામીઓ શોધી શકીશું અને આવતા વર્ષે અમારા માર્ક વધે તેવા પ્રયત્નો કરીશું.

અને જયે તો તરત જ આ છેલ્લા વિષયમાં ૧૨૧ માર્ક આપીને નીચે લખી દીધું.

**વ્હાલા મમ્મી-પપ્પા**

તમે એમ ન સમજશો કે તમે મને કાંઇ નથી આપ્યું. તમે મને જે આપ્યું છે તે આ દુનિયાના કોઇપણ મા-બાપે કદાચ તેના દિકરાને નહી આપ્યું હોય...! તમે આ અનોખી માર્કશીટ આપીને મારા જીવનની અનોખી સમજણ આપી છે જે મારા સ્કુલના વિષયોમાં ક્યારેય નથી મળતી. વિષયોમાં માર્ક લાવવાની સાથે વ્યવહારમાં પણ કેવી રીતે સારા માર્ક લાવવા તે તમે મને આ રીતે શીખવ્યું છે.

તમે મને આ રીતે જ દર વર્ષે અનોખી માર્કશીટ આપતા રહેજો હું પણ સામે તમને મારી દરેક માર્કશીટ વધુ સારી બનાવવાનું પ્રોમિસ આપું છું.

**સ્ટેટસ**

સદગુણની પાછળ પરીક્ષાના ગુણ ખેંચાઇને આવે છે...
જેમ સૂર્યનો પ્રકાશ ચો-તરફ વહેંચાઇને આવે છે...

લેખક – **ડૉ. વિષ્ણુ એમ. પ્રજાપતિ, કડી**

તા. ૨૯-૫-૨૦૧૮, મોબાઈલ- ૯૮૨૫૮૭૪૮૧૦

આ વાર્તા કોપીરાઇટ આરક્ષિત હોવાથી તેના લખાણમાં ફેરફાર કરવો નહી અને લેખકની મંજુરી વિના પ્રકાશિત કરવી નહીં.

**ડૉ. વિષ્ણુ પ્રજાપતિ લિખિત** સબંધોમાં સુખનું સિંચન કરતી નવલકથા **'ચાર રોમાંચ જિંદગીના'** અને ખોવાયેલા ખુદની શોધ માટેનું અદભૂત પુસ્તક **'હું'** અવશ્ય વાંચો અને વંચાવો....

**કચ્છી કસબ - ૧૨૨ નો ઉકેલ**

આડી ચાવીઓ -
(૧) નેફ (૩) જીં (૪) ચેત (૬) પેંઢઇ (૮) વાય (૯) નાંટી ધુટી (૧૦) રેજ (૧૧) પેરોજો (૧૩) હી (૧૫) તાશીર (૧૬) કીલ (૧૮) ચોંઢી (૧૯) ધ્રો (૨૦) પટસંધો (૨૨) ફોટરો (૨૪) વઇ (૨૫) હેલ (૨૭) ચેત (૨૮) ચણીયા (૨૯) પોંચ (૩૧) રોગો (૩૩) ચોવક (૩૪) ચપ (૩૫) લુંછ (૩૬) લોલરા

ઊભી ચાવીઓ -
(૧) નેસ (૨) વઢ (૪) ચેપટી (૫) ઇંયજ (૬) પેંઢજો (૭) ઇનાં (૮) વારે (૧૧) પેચકી (૧૨) શીશી (૧૪) વીંઢી (૧૫) તાયફો (૧૭) લપઇ (૧૮) ચોંધો (૨૧) સંપેતરો (૨૩) રોળાણી (૨૬) લબાચો (૨૮) ચકલો (૨૯) પોંચ (૩૦) ચપ (૩૨) ગોલું

90th
Birth
Anniversary



# SHAH NARANJI KALYANJI DHARAMSHI

## AN INSPIRATION FOREVER

*In fond memory of our illustrious father, Who built a special bond with everyone whose lives he touched. On his* **90th birth anniversary**, *here's taking a look at his inspiring journey. An Enigmatic business tycoon, who started with a business of road transport from a garage in Bangalore, six decades ago. Today, along with his children, grandchildren and diversification, the Group has grown into a 10 million business behemoth, leaving a big impact on India's Transport industry.*

**VINAY CARGO MOVERS LTD**
*Leaders in Logistics*

**WE PROUDLY CELEBRATE THE BIRTHDAY,**
2nd JUNE, OF OUR FOUNDER CHAIRMAN,
**SHRI N K SHAH**
A unique genius full of values, words, thoughts and several commendable deeds.

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (11-06-18)
Postal Regd. No. MCS/217/2018-2020 WPP Licence No. MR/Tech/WPP-352/South/2018
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001




if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,